Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૮ મું
અંક ૧૨ મો

સંવત ૧૯૯૭
અશાડ



પ્રકાશક:—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | |
|---|---|---|
| ૧. આત્મકલ્યાણાર્થ જીવપ્રતિ ઉક્તિ. ... | ( કવિ રેવાશંકર વાલજી બધેકા. ) | ૩૨૧ |
| ૨. જૈન આગમવાચનાનો ઇતિહાસ... ... | ( મુનિશ્રી જ્ઞાનવિજયજી મહારાજ ) | ૩૨૪ |
| ૩. એકાવન સુવર્ણવાકયોની રચના. ... ... | (સં. મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૩૨૭ |
| ૪. જીવન-નૈયા. ... .... .... ... | ( મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) | ૩૨૯ |
| ૫. જિનવરમાં સઘળા દર્શન છે. ... ... | ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) | ૩૩૦ |
| ૬. શીલની શ્રેષ્ઠતા. ... ... ... ... ... ... ... | | ૩૩૨ |
| ૭. ચાર મતિનું દૃષ્ટાંત. ... ... ... ... .... | ( સંપાદક V. ) | ૩૩૩ |
| ૮. તું તારે તો તરું હેવા ! ... ... ... ... | ( લલિતાંગ ) | ૩૩૫ |
| ૯. દયા. ... ... ... ... ... ... ... | | ૩૩૬ |
| ૧૦. જીવનસૌંદર્યના ઉત્પાદક તત્ત્વ. ... ... ... | ( અનુ૦ અભ્યાસી બી એ.) | ૩૩૭ |
| ૧૧. વર્તમાન સમાચાર. ... ... ... ... ... ... ... | | ૩૪૧ |



## શ્રી મહાવીર જીવનચરિત્ર.

### ( શ્રી ગુણસૂરિકૃત )

બાર હજાર શ્લોકપ્રમાણ, મૂળ પ્રાકૃત ભાષામાં, વિસ્તારપૂર્વક સુંદર શૈલીમાં, આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં.૧૧૩૯ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર-જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઈન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રગટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવા પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

કિંમત રૂ. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

### નીચેના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથોની ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) વસુદેવ હિંડિ પ્રથમ ભાગ | રૂા. ૩-૮-૦ | (૬) બૃહત્કલ્પસૂત્ર ભા. ૪ થો | રૂા. ૬-૪-૦ |
| (૨) ,, દ્વિતીય ભાગ | રૂા. ૩-૮-૦ | (૭) ,, ભા. ૫ મો | રૂા. ૫-૦-૦ |
| (૩) બૃહત્કલ્પસૂત્ર ભા. ૧ લો | રૂા. ૪-૦-૦ | (૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ | રૂા. ૨-૦-૦ |
| (૪) ,, ભા. ૨ જો | રૂા. ૬-૦-૦ | (૯) પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ ભા. ૨ જો | રૂા. ૪-૦-૦ |
| (૫) ,, ભા. ૩ જો | રૂા. ૫-૮-૦ | | |

( ૧૦ ) ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ લું પ્રતાકારે તથા બુકાકારે રૂા. ૧-૮-૦

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૮ મું : આત્મ સં. ૪૬ : વીર સં. ૨૪૬૭ : અશાડ :
અંક : ૧૨ મો : * * વિક્રમ સં. ૧૯૯૭ : જુલાઇ :

## आत्मकल्याणार्थ जीवप्रति उक्ति.

यावत् स्वस्थमिदं कलेवरग्रहं, यावच्च दूरे जरा,
यावच्चेन्द्रियशक्तिरप्रतिहता, यावत् क्षयो नायुषः ।
आत्मश्रेयसि तावदेव विदुषा, कार्यः प्रयत्नो महान्,
प्रोदिप्ते भवने तु कूपखनने, प्रत्युद्यमः कीदृशः ॥ १ ॥

ભો ! ભવમુસાફર જીવ ! જ્યાં સુધી આ તારું કલેવર(શરીર)રૂપી ઘર સ્વસ્થ છે, જ્યાં સુધી વૃદ્ધત્વ દૂર છે, જ્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિ હણાઇ ગઇ નથી–છિન્નભિન્ન થઈ ગઈ નથી અને જ્યાં સુધી શારીરિક ક્ષય આવી પહોંચ્યો નથી; ત્યાં સુધીમાં હે ડાહ્યા ગૃહનાયક ! તારા આત્મકલ્યાણનું "મોટામાં મોટું" કાર્ય સાધી લે ! ઉપર્યુક્ત સ્થિતિઓ પ્રાપ્ત થયા પછી તો તે કાર્ય (આત્મ-કલ્યાણ) કરવું એ તો "ઘર સળગ્યા પછી કૂવો ખોદવા" સમાન વ્યર્થ છે. કિં બહુના ?

વ્હાલા વિવેકી વાચકબન્ધુઓ ! ઉપરનો શ્લોક આપણ સર્વને કેટલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધો બોધ આપી, સાવધાન રહેવા ઉપદેશ કરી રહ્યો છે? આળસ અને પ્રમાદની ઘોર નિદ્રામાંથી જાગૃત કરી અજ્ઞાનરૂપી આંખ ઉઘડાવી રહ્યો છે? માનવ મુસાફરને અંતિમ ઉદ્દેશનો ખ્યાલ આપી રહ્યો છે? ચેત માનવ ચેત!

આ ભવાર્ણવમાંથી સામે કિનારે કયારે જવાશે? આ સંસારસાગરનાં તોફાની તરંગોમાંથી કયારે પાર ઉતરીશું? અને આ ભવભટકણ ભાંગી શાન્ત–પ્રશાન્ત સ્થાને કયારે પહોંચીશું? એ બધા માનસિક સવાલોનો જવાબ માનવબુદ્ધિની શક્તિ બહાર છે. દુનિઆભરમાં એક જ એવી ધ્રુવ વસ્તુ છે, અને તે મૃત્યુ છે. એ અનિવાર્ય બળ કયારે આવી પોતાનો પ્રભાવ-પ્રતાપ આ શરીર પર ચલાવશે, એ કેવળ અનિશ્ચિત જ છે (મોતને મુહૂર્ત્ત નથી!); માટે ઓ શાણા સજ્જનો! એ બાબતનો સ્થિરચિત્તે વિચાર કરવો, એ સઘળાં માનવકૃત્યોમાં અતિ મહત્ત્વની બાબત છે.

ભગવાનના વચન પ્રમાણે આચાર્યશ્રી સંબોધે છે કે, આ યુગમાં માનવ-શરીરનું આયુષ્ય સો વર્ષનું નિર્માણિત થયું છે, પણ એ સો વર્ષની વિગત તો વિચારો! સોમાંથી અર્ધ તો નિદ્રામાં જાય છે, બાકીના પચાસમાંથી બે ભાગો **બાલત્વ અને વૃદ્ધત્વમાં** વહેંચાઇ જાય છે. જે મધ્યસ્થ ભાગ રહ્યો તેમાં સાંસારિક અનેક ઉપાધિઓ(વ્યાધી–વિયોગ–સેવા વગેરે)માં રોકાઈ જાય છે, તો હે જગપાંથિક! તું વિચારી લે કે પાણીના પરપોટા જેવું, વિજળીના ચમકારા જેવું આ ક્ષણિક અને ચંચળ (સદા ય ચાલ્યું જ જતું) આ જીવન સુખની પ્રાપ્તિ કરી શકે જ કયાંથી? છતાં પારમાર્થિક વિદ્વાનોએ માનવમુસાફરી નિર્વિઘ્ને થવા શાસ્ત્રો–સદ્બોધોરૂપી દીવાદાંડીઓ ઊભી કરેલી છે, તે તરફ લક્ષબિન્દુ રાખનારનું વહાણ સહીસલામત સામે કિનારે જરૂર જઈ શકે છે. ધર્માચાર્યો, ઉપદેશકો, સંતો, સાધુઓ વગેરે હંમેશાં જ લાલબત્તી બતાવ્યા જ કરે છે, માત્ર એ જોવા માટે શાસ્ત્રના–સત્પુરુષના બોધથી સંસ્કાર પામેલી આંખ જોઇએ.

માનવજીવન આવું ક્ષણિક છતાં, તેવડે અમૌલિક વસ્તુ સાધી શકાય એવું એ કલ્પવૃક્ષ છે. સિદ્ધ અને પવિત્ર સંકલ્પવાળાઓ એ કલ્પવૃક્ષવડે મહા-મૂલી વસ્તુ ( आत्मश्रेयस् ) પ્રાપ્ત કરી શકે છે-શકયા છે જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવો અમૂલો લ્હાવ જે ગાફિલ જીવ ખુએ છે તેને તો પછી पुनरपि जननम्, पुनरपि मरणं એ પ્રમાણેની જ દશા પ્રાપ્ત થાય છે, માટે વિદ્વાનો કહે છે કે-

**क्षणुर्चित्तं क्षणुर्वित्तं, क्षणुर्मानवजीवनम् ।**
**धर्मकीर्तिद्वयं स्थिरं, अस्थिरमन्यकेवलम् ॥**

આ બે વસ્તુ જેઓ ખરીદી શકયા નથી તેઓ અંતસમયે પૂર્ણ પસ્તાયા છે. (હજારો ! લાખો ! ! અને કરોડો ! ! !)

માટે હજી બાજી હાથમાં છે ત્યાં સુધીમાં **સત્કર્મ** અને **સદ્ધર્મ**વડે હૃદયભંડાર સત્વર ભરી લ્યો. જરૂર જાણો કે "પાની કા પતાસા જેસા તન કા તમાસા હે".

દો હ રા.

'આત્માનંદ પ્રકાશ'ના, વ્હાલા વાચક ભ્રાત,
નિજાત્મના કલ્યાણુની, વર્ણવી છે આ વાત. ૧

વિશ્વવિખ્યાત વિજેતા "સિકંદર"ના છેલ્લા શબ્દો લખી આ વિવેચન સમાપ્ત કરીશ.

"લાખોં કી ફોજાં હે ખડી, તો ભી સિકંદર મર ગયે,"
"ક્રોડાં કી દૌલત હે ખડી, તો ભી સિકંદર મર ગયે;"
"લુકમાનજી હાજર હુવે, તો ભી સિકંદર ચલ ગયે,"
"મેં **ખાલી હાથે જાત હોં**, એસેં સિકંદર કહ ગયે."

વ્હાલાઓ ! આપણે ખાલી હાથે જવું ન પડે, એટલા માટે "પાણી પહેલી પાળ બાંધજો" હાથ આવેલો હીરો (માનવજન્મરૂપી) ગુમાવશો નહીં. આત્મજ્યોત જગાવશો.

**ભાવનગર-વડવા**
તા. ૨૧ : ૬ : ૪૧ શનિ

લી૦ આપ સૌનો શુભચિંતક,
**રેવાશંકર વાલજી બધેકા**
ધર્મોપદેશકઃ ઉજમબાઈ કન્યાશાળા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક-મુનિશ્રી જ્ઞાનવિજયજી મહારાજ.

# જૈન આગમવાચનાનો ઇતિહાસ.

( ગતાંક પૃષ્ઠ ૨૯૮ થી શરૂ. )

શ્રી ભદ્રબાહુસ્વામીજી પછી શ્રી સ્થૂલભદ્રજી અન્તિમ શ્રુતકેવલી થયા. તેઓ એકાદશાંગી પૂર્ણરૂપે, દશ પૂર્વ અનુજ્ઞા સહિત અને ૧૧-૧૨-૧૩-૧૪ આચાર પૂર્વ અનુજ્ઞા રહિતના જ્ઞાતા હતા. વી. નિ. સં. ૨૧૫માં તેઓ સ્વર્ગે પધાર્યા.

તેમની પછી અનુક્રમે-

આર્ય મહાગિરિજી, આર્ય સુહસ્તિસૂરિજી,[1] શ્રી બહુલજી, શ્રી સ્વાતિસૂરિજી, શ્રી શ્યામાચાર્યજી, શ્રી શાંડિલ્યસૂરિજી, શ્રી સમુદ્રસૂરિજી અને વજ્રસ્વામીજી[2] પર્યંત અગિયાર અંગ અને દશ પૂર્વનું જ્ઞાન અખંડિત પ્રવાહરૂપે ચાલુ રહ્યું.

આમાંના શ્રી શ્યામાચાર્યજીએ શ્રી પન્નવણા સૂત્રની રચના કરી છે, જે આજ પણ જૈન જ્ઞાનકોશ (એન્સાઇકલોપીડીયા ઑફ ધી જૈનીઝમ)સમું વિદ્યમાન છે.

ભગવાન મહાવીરસ્વામી અને શ્રી આર્ય વજ્રસ્વામીના વચગાળામાં બીજાં પણ ભિન્ન ભિન્ન અનેક આગમોની રચના થઈ ચૂકી હતી.

શ્વેતાંબર શાસ્ત્રોમાં આગમનું સ્વરૂપ બતાવતાં જણાવ્યું છે કે "શ્રી ગણધરમહારાજ, ખૂદ શ્રી તીર્થંકરદેવ કે શિષ્ય, પ્રત્યેકબુદ્ધ, ચૌદ પૂર્વધારી અને ઓછામાં ઓછા દશ પૂર્વના જ્ઞાતા આચાર્ય મહારાજની રચના આગમ કહેવાય છે. શ્વેતાંબરોની આ માન્યતાને આજ પ્રમાણે દિગંબર ગ્રંથો પણ માને છે. જુઓ મૂલાચાર પરિચ્છેદ ૫, પંચાચારાધિકાર ગાથા ૮૦.

આ નિયમાનુસાર દશ પૂર્વધર અને તેમની પહેલાંના આચાર્ય ચૌદ પૂર્વધારીજી મહારાજના આગમોની રચના થઈ ચૂકી હતી.

શ્રી વજ્રસ્વામીજીના સમય પછી દશમા પૂર્વના ઉત્તરાર્દ્ધનો વિનાશ થયો.

ત્યારપછી શ્રી આર્યરક્ષિતજી,[1] શ્રી નન્દી-

---

૧. શ્રી આર્ય સુહસ્તિસૂરિજીએ સમ્રાટ્ અશોકના પૌત્ર સમ્રાટ્ સંપ્રતિને પ્રતિબોધ આપી જૈન બનાવ્યો હતો. આ મહારાજાએ ભારત અને ભારત બહાર જૈન ધર્મનો-જિનવાણીનો ખૂબ પ્રચાર કરાવ્યો હતો. મોટી સાધુસભા એકત્ર કરાવી આગમવાચના પણ કરાવી હતી. આ બધી વાચનાઓ ગુરુપરમ્પરાથી કંઠસ્થ જ ચાલી આવતી હતી.

અવન્તિસુકુમારની દીક્ષા પણ આ જ સૂરિજીના હાથથી જ થઈ હતી.

૨. વજ્રસ્વામીજી સમર્થ વાચનાચાર્ય હતા. સાધુઓને આગમનું જ્ઞાન-વાચના બહુ જ સુંદર રીતે આપતા હતા. વીર નિ. સં. ૫૮૪માં એમનો સ્વર્ગવાસ થયો. તેમણે શત્રુંજય તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

૧. આર્યરક્ષિતસૂરિજી-જન્મસ્થાન દશપુર (મંદસોર), પિતાનું નામ સોમદેવ, માતાનું નામ રૂદ્રસોમા. ૨૨ વર્ષની ઉમ્મરે તોસલીપુત્રાચાર્ય પાસે પૂર્વજ્ઞાનનો અભ્યાસ કરવા આર્યરક્ષિતે દીક્ષા લીધી. તેમણે શ્રી વજ્રસ્વામી પાસે સાડાનવ પૂર્વનો અભ્યાસ કર્યો હતો. વીર નિં. સં. ૫૯૭માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ્મણજી, શ્રી નાગહસ્તિજી, શ્રી રેવતીનક્ષત્રજી, શ્રી સિંહસૂરિજી આદિ સાડાનવ પૂર્વના અને તેથી પણ ઓછા ઓછા પૂર્વના જ્ઞાતા હતા.

શ્રી સ્કંદિલાચાર્યજી, શ્રી હીમવંત ક્ષમાશ્રમણ અને શ્રી નાગાર્જુનસૂરિ આ બધા પૂર્વધર હતા. ગુરુપરંપરાથી આગમવાચના અખંડ રીતે ચાલુ જ હતી.

આમાં શ્રી સ્કંદિલાચાર્યજીએ ઉત્તર પ્રાંતના સમસ્ત શ્રમણ સંઘને મથુરામાં એકત્ર કરી આગમવાચના કરી અને પુસ્તક ઉપર પણ તે ઉતરાવ્યાં હતાં અને આ જ સમયે વલ્લભીમાં શ્રી નાગાર્જુનાચાર્યે સૌરાષ્ટ્રના શ્રમણ સંઘને એકત્ર કરી વાચના આપી આગમો લખાવ્યાં હતાં. આ સમય વી. નિ. સં. ૮૨૭ થી ૮૪૦ નો છે.

આર્ય સ્કંદિલાચાર્ય—તેમનું જન્મસ્થાન મથુરા, પિતાનું નામ **મેઘરથ,** માતાનું નામ **રૂપસેના** અને પોતાનું નામ **સોમરથ** હતું. તેઓ જાતિથી બ્રાહ્મણ હતા છતાં પરમાર્હંતોપાસક હતા. તેમણે **આચાર્ય સિંહસ્થવિર** પાસે દીક્ષા લીધી. પછી ગુરુ પાસે રહી જ્ઞાન મેળવ્યું. તેમના સમયમાં બાર વર્ષનો ભયંકર દુકાલ પડ્યો હતો. ઘણા જૈન શ્રમણો—નિર્ગ્રન્થોએ વૈભાર તથા કુમારગિરિ આદિ તીર્થોમાં અણસણ કરી આત્મકલ્યાણ સાધ્યું હતું. દુકાલ પછી શ્રી સ્કંદિલાચાર્યજીએ મથુરામાં શ્રમણ સંઘ એકત્ર કરી આગમવાચના કરી હતી.

હિમવંત સ્થવિરાવલીકાર જણાવે છે કે "સ્કંદિલાચાર્યજીના આગ્રહથી આચાર્યશ્રી **ગંધહસ્તિસૂરિજીએ** શ્રી ભદ્રબાહુસ્વામીજીની નિર્યુક્તિના આધારે અગિયાર અંગો ઉપર ટીકા રચી."

શ્રી સ્કંદિલાચાર્યજી અને નાગાર્જુનસૂરિજીની આગમવાચના માટે આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય આ પ્રમાણે લખે છે.

"जिनवचनं च दुष्षमाकालवशादुच्छिन्नप्रायमिति मत्वा भगवद्भिर्नागार्जुनस्कंदिलाचार्यप्रभृतिभि: पुस्तकेषु न्यस्तम् ।"

(યોગશાસ્ત્ર, પ્રકાશ ૩, શ્લો૦ ૧૨૦)

બાદમાં શ્રી ગોવિન્દ વાચક, શ્રી સંયમવિષ્ણુ, શ્રી ભૂતદિન્ન, શ્રી લોહિત્યસૂરિ, શ્રી દુષ્યગણિ અને શ્રી દેવવાચક ગણિ આદિ અગિયાર અંગના જ્ઞાતા અને એક પૂર્વથી વધુ પૂર્વજ્ઞાનના જ્ઞાતા હતા. આ બધા આચાર્ય મહારાજોએ આગમવાચના ચાલુ રાખી હતી.

ત્યારપછી શ્રી દેવર્દ્ધિગણિ[1] ક્ષમાશ્રમણ, શ્રી કાલિકાચાર્યજી, શ્રી ગંધર્વવાદિવેતાલ

તેમનો સ્વર્ગવાસ થયો હતો. શ્રી વજ્રસ્વામી સુધી ધર્મકથાનુયોગ, ચરણકરણાનુયોગ, દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગ ચારે અનુયોગો સાથે જ ચાલતા. અધ્યાપક વિંધ્યની પ્રાર્થનાથી આર્ય રક્ષિતસૂરિએ ચાર અનુયોગ જુદા કર્યા, જે ક્રમ અદ્યાવધિ ચાલુ જ છે, દિગંબરો પણ આ ચારે અનુયોગોને માને છે.

૧ દિગંબર પંડિતો શ્રી દેવર્દ્ધિગણીજી મહારાજના સમયના **"आगमपुत्थे लिहियो"** નો અર્થ આગમ પુસ્તક ઉપર લખાવ્યાંને બદલે બનાવ્યા કરે છે, પરંતુ સોથી દોઢસો વર્ષ પહેલાંના ઉપર્યુક્ત પ્રસંગમાં **"पुस्तकेषु न्यस्तम्"** પાઠ સાફ જાહેર કરે છે કે આગમ નવાં બનાવ્યાં જ નથી, કિન્તુ પુસ્તક ઉપર લખાવ્યાં છે. હવે દિ૦ પંડિતોને જરૂર ખાત્રી થશે કે શ્વેતાંબર આગમશાસ્ત્રો કેટલા પ્રાચીન છે. તેઓ પોતાની ન્યાયબુદ્ધિનો ઉપયોગ કરી સત્ય સ્વીકારે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાંતિસૂરિજી વગેરે આચાર્યદેવોએ એકત્ર થઇ આગમવાચના કરી. વલ્લભી અને માથુરી-વાચનાના પાઠોની સંકલના કરી, વીર નિ. સં. ૯૮૦ થી ૯૯૩માં આગમો પુસ્તક ઉપર લખાવ્યાં. શ્રી નંદીસૂત્રમાં આગમોની યાદી નીચે પ્રમાણે ઉપલબ્ધ થાય છે.

શ્રી આચારાંગ સૂત્ર.
શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર.
શ્રી સ્થાનાંગ સૂત્ર.
શ્રી સમવાયાંગ સૂત્ર.
શ્રી વિવાહપ્રજ્ઞપ્તિ.
(શ્રી ભગવતીજી સૂત્ર).
શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર.
શ્રી ઉપાસક દશાંગ સૂત્ર.
શ્રી અંતકૃત દશાંગ સૂત્ર.
શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર.
શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર.
શ્રી વિપાક સૂત્ર.

અગિયાર અંગ શ્રી સુધર્માસ્વામીપ્રણીત છે. જેટલો ભાગ ઉપલબ્ધ હતો તેટલો લખાયો. બારમા અંગ દૃષ્ટિવાદનો વિચ્છેદ થઇ ગયો.

(છ આવશ્યક)

સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, વંદનક, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન.

(ઉત્કાલિક)

દશવૈકાલિક, કલ્પિતાકલ્પિત, લઘુ કલ્પસૂત્ર, મહાકલ્પસૂત્ર, ઔપપાતિક, રાજપ્રશ્નેણી, જીવાભિગમ, પ્રજ્ઞાપના, મહાપ્રજ્ઞાપના, પ્રમાદાપ્રમાદ, નંદીસૂત્ર, અનુયોગદ્વાર, દેવેન્દ્રસ્તવ, તંદુલવૈચારીક, ચંદ્રવેધ્યક, સૂર્યપ્રજ્ઞપ્તિ, પૌરશીમંડલ, મંડલપ્રવેશ, વિદ્યાચારણવિનિશ્ચય, ગણિવિદ્યા, ધ્યાનવિભક્તિ, મરણવિભક્તિ, આત્મવિશુદ્ધિ, વીતરાગસૂત્ર, સંલેખણાસૂત્ર, વિહારકલ્પ, ચરણવિધિ, આતુરપ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન.

(કાલિક) ઉત્તરાધ્યયનજી, દશાશ્રુત, કલ્પ, વ્યવહારનિશિથ, મહાનિશિથ, ઋષિભાષિત, જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ, દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, લઘુવિમાનપ્રજ્ઞપ્તિ, મહાવિમાનપ્રવિભક્તિ, અંગચૂલિકા, વર્ગચૂલિકા, વિવાહચૂલિકા, અરુણોપપાત, વરુણોપપાત, ગરુડોપપાત, ધરણોપપાત, વૈશ્રમણોપપાત, વેલંધરોપપાત, દેવેન્દ્રોપપાત, ઉત્થાન સૂત્ર, સમુત્થાન સૂત્ર, નાગપર્યાવર્ણિકા, નિરયાવલિકા, કલ્પિતા, કલ્પાવતંસિકા, પુષ્પિતા, પુષ્પચૂલિકા, વૃષ્ણિદશા.

(પ્રકીર્ણક) ભગવાન મહાવીરદેવના દરેક શિષ્યોએ એક એક પયન્ના બનાવ્યો છે, જેની સંખ્યા ૧૪૦૦૦ હતી. આગમ લખતી વખતે આમાંના ઘણાખરા હતા. સ્થાનાંગ સૂત્રમાં આથી વધુ આગમોનાં નામો મળે છે.

અન્તિમ પૂર્વવિદ્ યુગપ્રધાન શ્રી સત્યમિત્રસૂરિજી થયા, જેઓ વી.નિ.સં. ૧૦૦૦માં સ્વર્ગવાસ પામ્યા. આગમવાચનાનો સંક્ષિપ્ત ઇતિહાસ આપ્યો છે. વાચકો પોતાની ન્યાયબુદ્ધિથી સત્ય સ્વીકારી જૈન આગમો—અત્યારે વિદ્યમાન આગમો જિનવાણીરૂપે મોજુદ છે. જિનવાણી વાંચકોના કલ્યાણ અર્થે થાઓ એ શુભેચ્છાપૂર્વક વિરમું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંગ્રાહકઃ—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ.

એકાવન

# સુવર્ણ વાક્યોની રચના.

(૧) સુવર્ણ વાક્યો તમારા જીવનમાં ઉતારો અને મનન કરો ને વિચારણા કરો. સફળતા મેળવવા સુવર્ણ વાક્યોનો હરહંમેશ પાઠ ભજો.

(૨) કોઇપણ જીવાત્માને આગળ વધવા માટે ભક્તિ-સેવા તે ઉત્તમમાં ઉત્તમ માર્ગ છે.

(૩) દેવગુરુની ભક્તિ, ગુણાનુરાગ, દ્રવ્યનો સદ્માર્ગે વ્યય, અને વિવિધ પ્રકારનાં તપ, જપ, નિયમ, વ્રતાદિ નિષ્કામબુદ્ધિથી કરવાં.

(૪) મનનો મેલ જ્યાં સુધી હૃદયમાં હોય છે ત્યાં સુધી કોઇપણ ધાર્મિક ક્રિયામાં મન સ્થિર થતું નથી અને ધાર્મિક ક્રિયા થતી નથી.

(૫) જ્યાં નિરંતર કલહનો વાસ છે એવા ભવ્ય ભુવનમાં રહી મિષ્ટાન્ન જમવા કરતાં શાન્તિવાળી ઝુંપડીમાં રહી સૂકો રોટલો ખાવો સારો છે.

(૬) અન્નપાણીનો ત્યાગ કરી ભૂખ્યા રહેવું તેટલો સાંકડો ઉપવાસનો અર્થ નથી. આત્માની સમીપે નિવાસ કરવારૂપ આન્તર-જીવન સિવાય આ એકલા ઉપવાસને લાંઘણ કહેવામાં આવે છે.

(૭) જ્ઞાન તથા ક્રિયાની મદદથી આત્મા કર્મમળને દૂર કરીને સ્વસ્વરૂપને વિષે સ્થિર થાય છે.

(૮) સાંજ સવાર બે વખત પોતાના વર્તનની સમાલોચના કરી જવી કે નિયમિત કરેલા જીવનથી વિરુદ્ધ વર્તન થયું છે કે નહિ?

(૯) કોઇને ઉપદેશ કે શિખામણ આપતાં પહેલાં તે ગુણો તારામાં છે કે કેમ? તેની વિચારણા કરજે.

(૧૦) તારા ભાગ્યાધીનપણે તને જે કાંઇ કુદરતી રીતે પ્રાપ્ત થયું હોય તેમાં જ આનંદ માનજે.

(૧૧) મહાન્ બુદ્ધિનો સાગર તમારામાં જ ભરેલો છે. સર્વ સુખ તમારા અંતઃકરણમાં જ રહેલું છે. અંતઃકરણમાં જ તેને શોધો અને અનુભવો.

(૧૨) સમભાવથી સર્વ જીવો પર મૈત્રી ધારણ કરજે; શત્રુથી ભિન્નતા રાખીશ નહિં.

(૧૩) સમ્યક્ત્વનું સેવન કરજે. મિથ્યાત્વનો ત્યાગ કરજે.

(૧૪) કર્માધીન સંતોષપૂર્વક જીવન ગુજારો.

(૧૫) ક્ષણે ક્ષણે સંસારનું વિસ્મરણ અને આત્મ ઉપયોગની જાગૃતિ રાખો.

(૧૬) સાધુપુરુષોની શ્લાઘા કરનાર, પોતાની શ્લાઘા નહિ ઇચ્છનાર, નિંદા વિરોધ ન કરનાર, ઉપકારનો બદલો ન ભૂલનાર ઇત્યાદિ ગુણવાનોને શિષ્ટ પુરુષો કહેવાય છે.

(૧૭) ચિન્તામણિ રત્ન કાગડાને ઉડાડવા માટે ફેંકવું એ જેમ મૂર્ખતા છે તેમ આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ માનવદેહનો વિષયાદિ વાસના તૃપ્ત કરવામાં દુરુપયોગ કરવો તે ભારે મૂર્ખતા છે.

(૧૮) ઓ માનવીઓ ! તમારી વાણીથી આંબા વાવો. સદા ફળ નહીં મળે તો છાંયા તો મળશે જ, પણ થોર કે બાવળ ન વાવો. છાંયા ન મળતાં ઊલટાં તેનાં કાંટા તમને અને બીજાને વાગશે.

(૧૯) દુનિયા દુઃખરૂપ નથી પણ ભૂલાયેલું ભાન દુઃખરૂપ છે.

(૨૦) નમ્રતા, અંતઃકરણની શુદ્ધતા, બુદ્ધિબળ અને હિમ્મત આ ચારથી કાર્ય સિદ્ધ થાય છે.

(૨૧) તારા જીવનમાં અનેક પ્રકારની અડચણો, આફતો અને સંકટોવાળા પ્રસંગો આવશે તેનાથી કાયર કે દુઃખી ન થતાં તેની સામે થઈ તે દરેક પ્રસંગને શાંતિથી સહન કરજે કે જેથી મુક્તિમાર્ગ સરળ થાય.

(૨૨) ગુલાબનો ખપ હોય તો કાંટાથી ડરીશ નહિ.

(૨૩) તારી અન્ય પરત્વેની જેવી શુભ યા અશુભ ભાવના તું ભાવીશ તેટલે જ દરજ્જે તે ભાવનાનો ભોક્તા તું થઈશ.

(૨૪) જ્યાં સુધી આત્મપ્રકાશ પ્રગટ ન થાય ત્યાં સુધી બાહ્યાલંબન ક્રિયાઓનું સેવન ચાલુ રાખજે.

(૨૫) મમત્વ જગતનું બીજ છે.

(૨૬) જો થોડા પણ સ્વાર્થની કે અભિમાનની વૃત્તિવડે મલિનતાવાળો જેમનો ઉદ્દેશ હોય છે તેઓનો કાયમનો વિજય કદી પણ થતો નથી.

(૨૭) વ્રત, શ્રુત, વિદ્યા, વિનય, ચારિત્ર અને જ્ઞાનાદિ ઉત્તમ ગુણોનું બીજ સત્યવ્રત છે.

(૨૮) વિચારબળ મુડદાલ જેવા જીવોમાં પણ નવું જીવન રેડીને સજીવન બનાવે છે.

(૨૯) દેહથી લઈ અન્ય સર્વ જડ વસ્તુ તેમાંથી એક મમત્વને ખેંચી લેવો તે જ ખરો ત્યાગ છે.

(૩૦) હે ચેતન ! ભાગ્યાધિક મનોરથ શામાટે કરે છે અને પૂર્વકૃત કર્મોદયથી શામાટે ડરે છે? હિમ્મત રાખ. નહીં કરેલ કર્મ કદી પણ ભોગવવા નહીં જ પડે.

(૩૧) ચંદ્ર, ચંદન, મણિ અને માલતીનો સમુદાય તેવી શાન્તિ નથી આપતો કે જેવી કાનને પ્રિય મધુર વાણી શાન્તિ આપે છે.

(૩૨) શાસનસેવા અને સ્વામીવત્સલ તો એજ છે કે પ્રભુના પૂજકનો વધારો કરી તે મહાપ્રભુએ કથન કરેલ સત્યનો દુનિયામાં ફેલાવો કરવો ઘટે.

(૩૩) કદાગ્રહી મનુષ્યોની આગળ ઉત્તમ ગુણોનું દ્વાર સદા માટે બંધ જ રહે છે.

(૩૪) માત્ર પ્રણવનો ઉચ્ચાર કરો, ૐકારનો જાપ જપો તેમ જપતાં ખરા અંતઃકરણથી તેનું ધ્યાન ધરો, તેનો સાક્ષાત્કાર કરો, ૐનો અર્થ હું તે છું, હું ને તે એક જ છીએ, તે જ હું છું આવો થાય છે. પ્રણવ શબ્દનો ઉચ્ચાર કરતી વખતે સર્વ નિર્બળતાને માનસિક બળથી કચરી નાખતો હોય તેમ દૃઢપણે માનો અને જયઘોષ સાથે તે નિર્બળતાને દૂર કરો.

(૩૫) યોગી બનવા ઈચ્છનારે પોતનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગના વાતાવરણમાં મૂકાવું, યોગની વાતો કરવી, યોગના ગ્રંથો વાંચવા, યોગનો અભ્યાસ કરવો અને યોગના વિચારોથી ઓતપ્રોત થઈ જવું. તે સિવાય બીજા વિષયને અડકવું નહિં.

(૩૬) સત્ય, પ્રિય અને હિતકારી વચનો બોલજે. અસત્ય, અપ્રિય અને હાસ્યકારી અપમાનભરેલાં કટુ વચનો બોલીશ નહિ.

(૩૭) જ્યાં જેટલા પ્રમાણમાં પવિત્રતા રહેલી છે ત્યાં તેટલા પ્રમાણમાં પ્રભુતા પણ રહેલી છે, માટે હે મનુષ્યો! પવિત્ર બનો પવિત્ર બનો; પ્રકૃતિનો નિયમ તમને ડંકો વગાડીને કહે છે કે પવિત્ર બનો; છતાં પવિત્ર ન બનો તો દુઃખો સહવાને તૈયાર રહો.

(૩૮) વિશ્વાસ એ સર્વ સંપત્તિઓનું મૂળ છે

(૩૯) ધર્મથી પતિત થયેલા ગુરુઓનો ત્યાગ કરવો પણ આચારથી પતિત માતપિતાનો કદાપિ ત્યાગ ન કરવો.

(૪૦) પુંફાડા મારતા ફણિધર પાસે રહેવું કે ભયંકર શત્રુ પાસે જવું સારું છે પણ અધર્મી, દુરાચારી, મૂર્ખ, પાપી મિત્રોની સાથે એક ક્ષણ પણ રહેવું તે કલ્યાણકારી નથી.

(૪૧) અધિકાર પ્રમાણે બોલો માગો. તેને જ આપો.

(૪૨) સમભાવ જ્ઞાનનું બીજ છે.

(૪૩) રાગદ્વેષ અધર્મનું બીજ છે.

(૪૪) દેહાભિમાન સંસારનું બીજ છે.

(૪૫) અજ્ઞાનનું મૂળ સંકલ્પ છે.

(૪૬) જાગૃતિ હોય તો ભૂલો સુધારવા માટે થાય છે.

(૪૭) વિચાર પ્રમાણે વર્ત્તન થાય છે.

(૪૮) અનુભવજ્ઞાન વિના ભ્રાન્તિ ભાંગતી નથી.

### જીવન-નૈયા

(રાગ—માઢ)

ચલ્યો સાગર મસ્તીમાંય,
મારી નૈયા ઝોલાં ખાય. ટેક.

હાથ સુકાને ના ટકે ને,
પવને શઠ ચીરાય;
ચોપાસે નવ દિશે કિનારો,
જળના ઓઘ જણાય. મારી૦૧

મદરૂપી વડવાનલ ભાળું,
ભીતિ પામું અપાર;
કામરૂપી ઊર્મિજળ નાચે,
ક્રોધનો વાયુ ફુંકાય. મારી૦૨

લોભરૂપે ઉર આશા રહી છે,
વાસના મોહ જણાય;
સાગરતાંડવ મત્સરરૂપે,
ઘેરે ચારે દિશાય. મારી૦૩

દુઃખરૂપી સો જલચર ખેલી,
ત્રાસ પમાડે અપાર;
અંધકારે અટવાતી નૌકા,
દીપદાંડી ન જણાય. મારી૦૪

અથડાતી મમ નાવડી જલે,
કોણ ઉતારે પાર?
હેમેન્દ્ર અજિત નાથ વિના,
કો' ઉતારે ના ભવભાર. મારી૦૫

મુનિ હેમેન્દ્રસાગર

(૪૯) રાત્રિએ પોતાનું વ્રત તપાસી જવું

(૫૦) નમ્રતા વગર આગળ વધી શકાતું નથી

(૫૧) જેમ જેમ સદ્ગુણી થવું તે કેવુ ઈચ્છવાલાયક છે તેનો તમે વિચાર કરશો તેમ તેમ સદ્ગુણસંપન્ન થવાને વધારે યોગ્યતા તમે પ્રાપ્ત કરી શકશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે. ચોકસી

# જિનવરમાં સઘળા દર્શન છે.

[ ગતાંક પૃષ્ઠ ૩૦૮ થી શરૂ. ]

માનવદેહમાં હાથ, પગ પછી પાંચમા અંગ તરિકે કૂખ યાને પેટનો નંબર આવે છે. નમિજિનના સ્તવનમાં ષટ્દર્શનનો સમન્વય કરતાં યોગીરાજ આનંદઘન ચાર્વાક યાને નાસ્તિક મતને પેટને સ્થાનકે મૂકે છે. 'લોકાયતિક કૂખ જિનવરની' એ એમના શબ્દો છે. જો કે સર્વાંશે એ વાત ગળે ઊતરે તેવી નથી જ; કેમકે નાસ્તિકના મંતવ્યમાં કેવલ આ ભવ મીઠા જેવું છે. ખાવું, પીવું ને મહાલવું એ શબ્દત્રિપુટીમાં એનો સર્વ સાર આવી જાય છે. જીવ, પુણ્ય, પાપ જેવા તત્ત્વોની નથી તો એને ત્યાં કંઈ વિચારણા કે પુનર્જન્મ યાને પરલોક સંબંધી નથી તો કંઈ વિચાર. આવા દર્શનને દર્શન કહેવું એ જ જ્યાં વિચારણીય પ્રશ્ન છે ત્યાં પરમેશ્વરના પેટ તરિકે એનું સ્થાપન જરૂર આશ્ચર્ય પેદા કરે; પણ અંશતઃ એ ઉપમા સાચી છે. નાસ્તિક મત જેમ શૂન્યતાથી ભરેલો છે તેમ પેટનો વિભાગ પણ શૂન્ય છે. વળી અન્ય દૃષ્ટિએ વિચારીએ તો સિદ્ધ અવસ્થામાં ' नत्थि देहो, न आऊ कम्मं न पाणजोणिओ ' જેવું આત્મસ્વરૂપ વર્તે છે તે વ્યવહારિક નજરે શૂન્યતા જ લેખાય. ચાર્વાકને શૂન્યતા જ જ્યારે પ્રિય છે ત્યારે તેને બંધબેસ્તી વાત પર મીંટ માંડી સમન્વય સાધવો જ રહ્યો. વળી તત્ત્વના અવગાહનમાં ડૂબકી મારીએ તો જણાય છે કે સર્વ દર્શન વાણીથી વર્ણવ્યા અને વાણીનું ઉપજસ્થાન પેટ છે અને એ પાંચ અંગના ખજાનારૂપ છે. જો નાસ્તિક મત જેવો વાદી સામે ખડો ન હોત તો આત્મવાદ સિદ્ધ કરનારા પુન્ય, પાપ જેવા અણમૂલા તત્ત્વોનું પ્રતિપાદન કરનારા સિદ્ધાન્તનો જન્મ જ કયાંથી થાત ? પિત્તળ હોવાથી જ સોનાની સાચી કિંમત આંકવી સ્હેલી પડે છે. સામાન્ય જનસમૂહ બે વસ્તુ નજર સામે જુવે છે ત્યારે જ ખરાખોટાની તુલના કરી શકે છે. અહીં પણ એ નિયમ કારગત થાય છે. નાસ્તિકનું અસ્તિત્વ આસ્તિકતા પ્રગટાવે છે પણ એ બધું અમૃતપાન પરમાર્થના જાણ એવા નિર્મમત્વી ગુરુના સધિયારાથી કરવાનું છે. છઠ્ઠું યાને મુખ્ય અંગ એ મસ્તિષ્ક ગણાય છે. અહીં અધ્યાત્મ વિચારધારામાં નમિ પરમેશ્વરના જૈન દર્શનને એ સ્થાન યુકિતપુરસ્સર પ્રાપ્ત થયેલ છે. છએ દર્શનમાં તત્ત્વોની સરખામણી કરીશું તો સહજ જણાશે કે કેવલ એ દર્શનના મૌલિક સિદ્ધાન્તો એવા છે કે જે અકાટય હોઈ પરસ્પર સમન્વય કરવામાં કામ આવે છે. અંતરદૃષ્ટિથી જોતાં જૈન દર્શનના અભાવે સ્વરૂપપ્રાપ્તિ થઈ શકતી નથી અને બાહ્ય નજરે એ વાત સ્પષ્ટ ને દીવા જેવી છે કે તે સર્વ નયાશ્રિત હોવાથી યુકિતસિદ્ધ છે અને તેથી તે સર્વના મુગટસ્થાને બેસવાને યોગ્ય છે; પણ એ દર્શનને યથાર્થ પિછાનવા સારુ યોગીરાજ જે બે લીંટી પર ભાર મૂકે છે તે પર ખાસ લક્ષ્ય આપવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અક્ષર ન્યાસ ધરા આરાધક,
આરાધે ધરી સંગે રે'

સમન્વય કરતાં એ તો ખુલ્લું થયું કે શ્રીનમિજિનમાં કિંવા તેમને દર્શાવેલા માર્ગમાં છયે દર્શન છે, તો પછી છયે દર્શનમાં નમિજિનનો માર્ગ ગણાય કે કેમ? આ પ્રશ્ન સહેજ ઉદ્‌ભવે એ સારુ સાગર અને નદીનું ઉદાહરણ ધ્યાનમાં રાખવાનું છે. જૈન દર્શન સાગર જેવું છે, એમાં અન્ય દર્શન-રૂપી સરિતાઓ જુદી જુદી રીતે વહી આવી મળે છે અર્થાત્ અન્ય દર્શનનો ભાવ એમાં સમાય છે પણ એ સરિતાઓમાં જેમ સાગરનો ભાવ શકય નથી તેમ જુદા જુદા દર્શનમાં જૈન દર્શનની પ્રાપ્તિ શકય નથી. કદાચ શકય છે તો તે જુજ પ્રમાણમાં, નયની રીતે ઉપર વર્ણવી ગયા તેમ, સંગમસ્થાને જેમ પરસ્પરના જળનો મેળાપ થાય તેટલા પ્રમાણમાં. નદીઓનું જળ તો ઊઘાડી રીતે સમુદ્રમાં ભળે છે જ્યારે સમુદ્રની વેલનું પાણી નદીમાં જે પ્રમાણમાં આવે તે પ્રમાણમાં ગણના થાય તેથી ભજના શબ્દ વાપર્યો છે. એ નિશ્ચિત અર્થમાં નથી એ ભાવ અવધારી રાખવા અને સાચી રીતે જિન થવા સારુ આત્માએ કેવી રીતે કામ લેવું જોઈએ એ સમજાવવા અર્થે ભમરી ઉષ્ણકાળમાં મદની ઉન્મત્તતાથી કાળી કે પીળી ભીની માટીમાં લવ મૂકી, ગોળી વાળી, અકેક ગોળી લાવી, ઘર બાંધી, તેમાં પોતે લટ મૂકી, તેને કાંટાથી ચટકો દઈ, તે લટને ઘરમાં મૂકી, ફરી એક ગોળીએ તે ઘરનું મોઢું ઢાંકી સત્તરમે દિવસે ચટકાથી તે ઘરનું મુખ ઊઘાડે. ઊઘાડતાં જ લટ હતી તે ભમરી થઈ ઊડી જાય છે. એ ભમરીનું દૃષ્ટાંત આપે છે. આ રહી એ ગાથાઓ.

**જિનવરમાં સઘળાં દરશન છે,**
**દર્શને જિનવર ભજના રે;**
**સાગરમાં સઘળી તટની સહી,**
**તટનીમાં સાગર ભજના રે.**

**જિનસ્વરૂપ થઇ જિન આરાધે,**
**તે સહી જિનવર હોવે રે;**
**ભૃંગી ઇલિકાને ચટકાવે,**
**તે ભૃંગી જગ જોવે રે.**

અર્થાત્ જિનેશ્વરના વચન પ્રમાણે બાહ્ય ભાવોને ચટકો આપી અંતરાત્મવર્તી થવું એટલે નિજ રૂપમાં વિચરવું, ધ્યાનની પ્રબળતા પ્રગટાવવી. એ પ્રબળતાના યોગે બાહ્ય સ્વરૂપી આત્મા પોતે જ અંતરરૂપી લટ જેમ ભમરીમાં પરિણમી તેમ પરિણમશે અને જોતજોતામાં પરમાત્મા થઈ શકશે. એ જિન-વચન સમય યાને આગમમાં નિમ્ન પ્રકારે ભરેલાં છે. ૧ પૂર્વધરકૃત છૂટક પદની વ્યાખ્યા તે ચૂર્ણિ. ૨ સૂત્રોક્ત અર્થ તે ભાષ્ય. ૩ ગણધરાદિકૃત વચનમાત્ર રચના તે સૂત્ર. ૪ પૂર્વધરકૃત પદભંજના તે નિર્યુક્તિ. ૫ સૂત્રો ઉપર વિસ્તારથી ટીકા તે વૃત્તિ. ૬ પરંપર અનુભવ એટલે ગુરુસંપ્રદાયથી ઊતરી આવતી સ્મૃતિ. મુમુક્ષુ આત્મા પૂર્વોક્ત અંગોનો અપલાપ ન કરે. પોતાની ઇષ્ટ સિદ્ધિમાં એના પ્રતિ મીંટ માંડી આગળ વધે તો જ ધ્યાનમાં પ્રગતિ સાધી શકે. એ ધ્યાનના સ્વરૂપનો ખ્યાલ આપવા સારુ યોગીરાજ એના અંગો વર્ણવતા કહે છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુદ્રા બીજ ધારણા અક્ષર,
ન્યાસ અરથ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવિ વંચીજે,
ક્રિયા અવંચક ભોગે રે.

આમ ધ્યાનના અંગની વાત કહ્યા પછી એ દ્વારા પ્રગતિ સાધવા સારુ, માયાવીના વચનોથી ઠગાવાપણું ન રહે એ ખાતર, આત્મા શુદ્ધ, સરલ, સ્વાભાવિક કરણીનો ભોગ બને એ હેતુ માટે, સુગુરુનો મેળાપ કેટલો જરૂરી છે તે બતાવતાં પોતાના સમયની સ્થિતિ પર નજર ફેરવી જે વિષાદ પોતાને થાય છે એ જણાવે છે.

શ્રુત અનુસાર વિચારી બોલું,
સુગુરુ તથા વિધિ ન મિલે રે;
કિરિયા કરી નવિ સાધી શકીએ,
એ વિષવાદ ચિત્ત સઘળે રે.

જો કે આથી મુમુક્ષુ આત્માએ નિરાશ થવાની જરૂર નથી. આનંદઘનજી જેવા પ્રબળ યોગીને પણ સૂત્રમર્યાદા લક્ષણો રાખી, સાધુજીવન સંબંધી કરણીમાં તત્પર રહી આત્મસાધન કરવાનું હતું અને તેઓશ્રીના પદો ઉપરથી સહજ માલૂમ પડે છે કે એમાં એ ફતેહમંદ પણ થયા; છતાં એમના જેવા પ્રબળ યોગી અને પ્રખર અભ્યાસીને પણ અનંત અર્થોથી ગંભીર એવા આગમને પૂર્ણ રીતે સમજવા સારુ ગુરુગમની આવશ્યકતા લાગી. પોતાની કડક સાધના પણ અધૂરી ભાસી, યોગ્ય ગુરુના સાનિધ્યની ખોટ જણાઈ એ જ વિષાદનું કારણ સમજવું. તેથી અંતમાં નમિજિનવર સામે પ્રાર્થના કરતાં આ અધ્યાત્મમાર્ગના પ્રખર અભ્યાસી જે વચનો હૃદયના ઊંડાણમાંથી બહાર આણે છે તે યાદ રાખવા જેવા છે, સંઘરવા જેવા છે, વારંવાર મનન કરવા લાયક છે, વર્તમાન સમયમાં શું માગવા જેવું છે ને શું કરવા જેવું છે તેની યાદ આપનારા છે.

તે માટે ઊભા કરજોડી,
જિનવર આગળ કહીએ રે;
સમય ચરણસેવા શુદ્ધ દેજો,
જેમ આનંદઘન લહીએ રે.

## શીલની શ્રેષ્ઠતા—

ઐશ્વર્યનું ભૂષણ સજ્જનપણું છે, શૂરતાનું ભૂષણ વાણીનો સંયમ છે. જ્ઞાનનું ભૂષણ ઉપશમ ( શાંતિ ) છે, શાસ્ત્રનું ભૂષણ વિનય છે, પાત્રને વિષે દાન કરવું તે ધનનું ભૂષણ છે, ક્રોધ ન કરવો તે તપનું ભૂષણ છે, ક્ષમા રાખવી તે સમર્થ મનુષ્યોનું ભૂષણ છે, કપટરહિતપણું એ ધર્મનું ભૂષણ છે, સર્વ મનુષ્યોનું પરમ ( શ્રેષ્ઠ ) ભૂષણ શીલ છે અને તે શીલ સર્વ ગુણોને ઉત્પન્ન કરવામાં કારણભૂત છે.

—સુભાષિત પદ્યરત્નાકર (ભા. ૧ લો.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચાર મતિનું દૃષ્ટાંત.

ધર્મ સાધુ અને શ્રાવક આશ્રયી બે પ્રકારે છે. તે બંને ધર્મથી અલ્પકાળે અને લાંબા કાળે મોક્ષ મળે છે. તેમાં સદાને માટે સર્વથકી સાવદ્ય યોગની જે વિરતિ તે નિર્દોષ ચારિત્રરૂપ **સાધુધર્મ** છે. જે દેશથકી સાવદ્ય યોગની વિરતિ હોય તે શ્રમણોપાસક **ગૃહસ્થોનો ધર્મ** છે. એ દ્વિવિધ ધર્મ શુદ્ધ શ્રદ્ધાથી આચરવો. તે શ્રદ્ધા સુગુરુથી કે શ્રવણ કરવામાં આવેલ તત્ત્વોપદેશથી પ્રાપ્ત થાય છે. અને તે ઉપદેશ પણ આસ્તિકપણાના પાત્રમાં ફળે છે, બીજામાં ન ફળે. શુદ્ધિમતિ વિગેરે મનનાં પરિણામ વિવિધ હોય તો મનોભાવ પ્રમાણે ફળે છે. તેને લગતું દૃષ્ટાંત નીચે પ્રમાણે છે.

અત્યંત મહિમાયુકત **અનંતજન** નામે નગર છે કે જેના પૌરજનોથી જ સમસ્ત નગરો નિરંતર વસી રહ્યા છે. ત્યાં દુર્જનોને મહાકષ્ટ આપનારો તથા સજ્જનોને સંતોષ આપનાર **ચિત્રગતિ** નામે રાજા છે. એ નગરમાં કષ્ટે રહેતા ચાર નાગરિકોને તેણે કહ્યું કે–'તમે સુખ મેળવવા ગમે ત્યાં જાઓ.' એટલે **શુદ્ધમતિ, યોગ્યમતિ, મંદમતિ** અને **દુર્મતિ** એ ચારે બહાર નીકળી કુગ્રામોમાં (નાનાં ગામડાંઓમાં) કર્મવૃત્તિથી (મજૂરીથી) પોતાની આજીવિકા ચલાવતા હતા. આજીવિકાને માટે શીત, વાત અને તાપમાં અત્યંત ભમતા તે મહાકષ્ટે મેળવેલ અલ્પ દ્રવ્ય લઇને તે રત્નદ્વીપ ગયા. ત્યાં વિકટ પર્વતોમાં રત્નના ભ્રમથી અલ્પ તેજવાળા નકામા પાસાદાર પાષાણના ટુકડાને ગ્રહણ કરીને તે મૂઢજનો પ્રમોદ પામ્યા. એવામાં ત્યાં વૃક્ષ નીચે બેઠેલ, દિવ્ય આભરણોથી દેદીપ્યમાન તથા સારા પરિવાર સહિત કોઈ મહાન્ પુરુષે તેઓને જોયા, એટલે અંતરમાં પ્રસન્ન થયેલ, **પ્રશાંતા** કાંતાથી પ્રેરાયેલ તથા અસત્યભાષારૂપ રાત્રિનો નાશ કરવામાં સૂર્યસમાન એવા તે પુરુષે તેઓને કહ્યું: 'અરે ! પામર જનોને ઉચિત આ પાષાણના કટકા તમને કેમ ગમ્યા ? પરીક્ષક નાગરો તેનો હાથથી પણ સ્પર્શ કરતા નથી. અહીંથી આગળ ગુરુ (મહાન) ગુણના સ્થાનરૂપ એક **માણિક્યગિરિ** છે કે જેની પ્રભામાં અંધકાર કે તેજ કંઈ ભાસતાં જ નથી. જો તમે ત્યાં જાઓ તો તેવા રત્નો મેળવી શકશો કે જેમના મહાકિંમતી તેજ આગળ આ પૃથ્વી પણ કંઇ હિસાબમાં નથી.' ત્યારે શુદ્ધમતિએ વિચાર્યું કે–'આ પુરુષે મને ઠીક રસ્તો બતાવ્યો. આવા પુરુષોનું જીવિત કેવળ પરોપકારમાં જ વ્યતીત થાય છે, માટે એની સૂચનાને માન આપી દારિદ્રયને જલાંજલિ આપું.' એમ ધારીને તે માણિક્યગિરિ ભણી ચાલ્યો. એટલે રત્નના અર્થી તેને ખાણ ખોદવાને માટે તે ચતુર દિવ્ય પુરુષે એક તીક્ષ્ણ કોદાળી આપી. બાદ માણિક્યાચળ પર આવી ખાણ ખોદતાં રોમાંચિત થયેલ તેણે ઘણાં જ તેજસ્વી રત્નો મેળવ્યા. 'વખત જતાં મહાકષ્ટથી પણ હવે તેવાં અમૂલ્ય રત્નને ગ્રહણ કરું કે જેથી અક્ષય સુખ મળે.' એમ ધારીને અત્યંત વિકટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણિક્યાચલની ભૂમિમાં પગલાં દેતાં તે અનુક્રમે તેના શિખર પર પહોંચ્યો. ત્યાં જેના માહાત્મ્યથી ઇંદ્રો પણ સેવા કરવા હાજર થાય છે તેવા કોઈ અદ્ભુત તેજસ્વી રત્નને તેણે જોયું. મહાકિંમતી તે રત્નને જોતાં જ તે શુદ્ધમતિ પોતાને ત્રણે જગતની ઉપર રહેલો માનવા લાગ્યો. તે રત્નો જોઇને રોમાંચિત થતો તે ધીર ચિંતવવા લાગ્યો કે–'તે જ પુરુષ જ્ઞાનવાન, પવિત્ર અને કરુણાના સાગર ગુરુ હતા, કે જેણે મને આવા રત્નોનાં ભંડારરૂપ આ પર્વત બતાવ્યો. રત્નાર્થી પુરુષોએ આ રત્નગિરિનું જ સેવન કરવું જોઇએ. કવિઓની એવી વાણી છે કે–સર્વ પર્વતોમાં રત્નો હોય છે. તે જ દેવ છે કે જે આ પર્વતનો અધિષ્ઠાયક છે અન્ય દેવોનું દેવત્વ શું માત્ર ? કે જેમને આવું સ્થાન નથી. કાંતિથી ભરેલા વિશ્વમાં આ માણિક્યાચલ હોવા છતાં અંધકારથી મલિન દૃષ્ટિવાળાઓને તે છે નહિ એવો સંશય રહે છે. આ રત્નગિરિને જોવા છતાં બીજા પર્વતોને ઇચ્છતા આ અંધદૃષ્ટિ લોકને પ્રકાશ કે અંધકારમાં કંઈ ભેદ જ ન જણાય. 'જેમ આ રમ્ય પર્વત છે તેમ બીજા પણ અદ્ભુત પર્વતો હશે' જેને આવો સંદેહ હોય તે શું પાપથી લિપ્ત ન થાય ? 'અન્ય પર્વતોમાં વસતા પુણ્યવંતજનો યત્નથી રત્નો મેળવી શકે છે.' આવી વાતથી પણ આ પર્વતવાસીઓને હસવું આવે છે. અન્ય પર્વતવાસી પુરુષોના દર્શન માત્રથી પણ આ પર્વતવાસી પુરુષો લજ્જા પામે છે, તો તેમના વખાણ તો સહન જ શી રીતે કરે ? હું ધન્ય અને કૃતકૃત્ય છું. આ મનુષ્યજન્મનું ફળ મને મળ્યું કે અસાધારણ માહાત્મ્ય-યુક્ત આવાં રત્નને હું પામ્યો. નિર્ભાગી તથા જડમતિ મને ધિક્કાર છે કે પૂર્વે તેવાં ખોટાં રત્નો ઉપાર્જન કરતાં મેં દિવસો ગુમાવ્યાં. એમ અંતરમાં વિચારતાં સુનિશ્ચય થઈને તેણે તે રત્ન લીધું કે જે છિદ્ર રહિત છતાં અનંત નિર્મળ ગુણોથી ઓતપ્રોત હતું. તે રત્ન ધારણ કરવાથી તે સુર, અસુરોને માનનીય સમૃદ્ધિ પામ્યો, કારણ-કે મણિ, મંત્ર અને ઔષધિનો મહિમા અચિંત્ય હોય છે. તે પ્રતિક્ષણે તેના સંગથી સુખમગ્ન રહેતાં મહાનંદ(મોક્ષ)ને પણ પામ્યો. ભાગ્યવંતને શું દુર્લભ હોય ?

હવે જે યોગ્યમતિ હતો તે પણ દિવ્ય પુરુષના વચનથી શુદ્ધમતિને મૂળથી જોઇ પ્રસન્ન થતાં નિશ્ચય કરી, પૂર્વની માફક કોદાળી મેળવી, જાણવામાં આવેલ ખાણોને હળવે હળવે ખોદતાં મહામહેનતે પણ તે કિંમતી રત્નો પામ્યો. રત્નના મૂલ્યથી સુખાસ્વાદ લેતાં તેની મનોવૃત્તિ બદલી અને તેથી લોકોત્તર (અમૂલ્ય) રત્ન પ્રાપ્ત કરવાને તેને ઉત્સાહ થયો. તે કોઈ દિવ્ય નગરમાં જઇ રત્નથી લક્ષ્મી પામીને સુખે રહ્યો અને ઇચ્છા સાથે ભોગો પ્રાપ્ત થતાં તે ત્યાં ચિરકાળ સ્થિર થયો. પછી લક્ષ્મી ખલાસ થતાં માણિક્યગિરિથી રત્નો મેળવી વારંવાર તે દિવ્ય નગરોમાં જતો હતો. એક વાર રત્નદ્વીપમાં માણિક્યપર્વત પર જઈને સાત આઠ વાર જવાથી ખેદ પામતાં તે વિચારવા લાગ્યો કે–'તે હિતષી દિવ્ય પુરુષે, નિત્ય સુખના કારણરૂપ બીજું પણ અમૂલ્ય રત્ન બતાવ્યું છે; માટે તે મેળવવાનો યત્ન કરું'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ ધારી તે પ્રમાણે કરતાં તે અમૂલ્ય રત્ન પામીને શુદ્ધમતિની જેમ શોભવા લાગ્યો.

હવે જે મંદમતિ હતો તેણે દિવ્ય પુરુષનાં વચન પર ચપળ મનથી વિચાર કર્યો કે–'આ હાથમાં આવેલાં ચળકતાં રત્નોને નાંખી દઈને આના સંદિગ્ધ વચનમાં કોણ વિશ્વાસ કરે ?' એમ નિશ્ચય કરી તે પાષાણુકટકાથી આનંદ પામતાં દિવ્ય નગર ભણી જતાં તે કયાંક પલ્લીમાં જઈ ચડ્યો, અને તેને ઉચિત સ્વલ્પ મૂલ્યની વસ્તુથી ઉપભોગ લેતાં સુખ–દુઃખના મિશ્રણમાં તેણે ત્યાં દિવસો વીતાવ્યા. લક્ષ્મી ભોગવતાં ખલાસ કરી જ્યાં ત્યાં વાદળાંની માફક ભમતાં તે પાછો રત્નદ્વીપે ગયો અને દૈવયોગે ત્યાં પાષાણુના કટકા પામ્યો. ફરી તેને ઉચિત સ્થાને લક્ષ્મી પામી દુઃખે જીવન ગાળતાં સેંકડો વાર એ રીતે ગમનાગમન કરતાં તે હતાશ બની ગયો. વખત જતાં નિર્વેદ પામી, દિવ્ય પુરુષનાં વચનનો સ્વીકાર કરતાં માણિકયગિરિ પરનો આશ્રય લેતાં તે શુદ્ધમતિની જેમ સુખી થયો.

હવે દુર્મતિએ તે દિવ્ય પુરુષની વાણી સાંભળતાં પોતાના નામ પ્રમાણે તેણે સ્થિર મનથી વિચાર કર્યો કે–'માયાથી મહત્ત્વ પામેલ આ કોઈ માયાવી પુરુષ રત્નદ્વીપના પુરુષોને સ્વેચ્છાએ છેતરે છે. આવેલ માણસને કોમળ વચનથી લોભાવી આદરથી કયાંક લઈ જઈને તરત તેની પોતાની મૂડી પણ છીનવી લે છે.' આ રીતના અશુભ વિચારમાં મનને નિશ્ચળ કરતાં તે દુર્મતિએ રત્નદ્વીપનો રસ્તો પણ મૂકી દીધો અને કૂપ, શિલા, ખાડા, પંક અને કંટકવ્યાપ્ત કોઈ ગહન અરણ્યમાં તે

## તું તારે તો તરું–દેવા !

ડૂબે ભવ-સાગરે હોડી, તું તારે તો તરું દેવા.
લદાયો માલ દુર્ગુણથી, ન સંગે ધર્મસાધન કૈં;
અસાયક* છું અત્યારે હું, શરણુ તારું ધરૂં દેવા.
ઉછાળે આભ–જળ વચ્ચે, ચપળ ચિત્તને ચળાવી વા; મૂઝાવે મોહની લહેરો, અને મમતે મરું દેવા. હલેસા મનવચનકાયે, હણી બાંધ્યા ઘણા કર્મો;
સુકાની તું બને ત્યારે, ખરી વાટે ચડું દેવા.
નથી મુકિત-કિનારો નર, મજલથી લેશ દૂરે કૈં;
છતાં અજ્ઞાન–ધુમસમાં, અદેખે આથડું દેવા.
સૂણી દ્વારે ખડો તારે, ધરાવે સ્થાન* તારક તું;
સલામત આત્મ તન ખડકેથી, કરજે પાર ઓ દેવા.

**લલિતાંગ.**

* અસાયક=અનાથ.
* સ્થાન=બિરૂદ.
આત્મા–હોડી. ધર્મસાધન=દાન–શીલ–તપ–ભાવ.
ભવ–સાગર.
દુર્ગુણ–માલ. નાવસાધન–વાંસ–દોરડાં–સઢ–લંગર.
મોહ–મમત–જળલહેરો.
કર્મ- હલેસા. શરણુ=અરિહંત–સિદ્ધ–સાધુ–ધર્મ.
ગુરુ=સુકાની.
મુક્તિ=કિનારો.
નર–અવતાર=મજલ વિશ્રામ.
અજ્ઞાન=ધુમસ.
તન–દેહ=ખડક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્યહીન પડયો. દુષ્ટ જીવોના ઘર્ષણયુક્ત તે દુઃસ્થાનોમાં પડતાં તે અરણ્યથી નીકળવાને અસમર્થ થયો.

આ અંતરંગ દૃષ્ટાંત સાંભળીને ચતુર જનોએ દુર્મતિની જેમ વિચાર ન કરતાં પ્રથમના જેમ ભાવવું. અનંતજન નગર તે નિગોદવાસ અને તેમાં ચિત્રગતિરાજા તે કાલપરિણામ સમજવો. શુદ્ધિમતિ તે તદ્ભવમોક્ષગામી ભવ્ય જીવ, યોગ્યમતિ તે ભવ્ય સમાન આસન્નસિદ્ધિગામી જીવ, મંદમતિવાળો દુરભવ્ય, અને દુર્મતિ તે અનંત સંસારના દુઃખ ભોગવનાર અભવ્ય. આ ચાર પ્રકારના જીવ કાલપરિણામના વશે કોઈ રીતે પણ વ્યવહારરાશિમાં આવ્યા. કુગ્રામો તે કુભવો અને અલ્પ અલ્પ પોતાનું શંબલ (ભાતુ) તે અકામનિર્જરાથી થતું પુણ્ય. રત્નદ્વીપ તે મનુષ્યભવ, તેમાં કુપર્વતો તે કુતીર્થી-મિથ્યાદર્શનો અને તેમાં કુરત્નો તે અજ્ઞાન તપ. વૃક્ષ તે ચારિત્ર અને ત્યાં મહાન પુરુષ તે સદ્ગુરુ. તેની કાંતા તે ત્રણે લોકના જંતુઓને હિતકારી દયા. માણિકય પર્વત તે જિનશાસન. કોદાળી તે ધ્યાન કે જે કર્મરૂપી ખાણોને ખોદવાને સમર્થ ગણાય. રત્નો તે સુતપથી પ્રાપ્ત થયેલ નિર્દોષ પુણ્ય. રત્નગિરિના શિખર પર જે ઉત્તમ રત્ન તે સમ્યક્ત્વ, માણિકયગિરિની સ્તુતિ તે પંચાતિચારનો પરિહાર, સુરાસુરોને પૂજનીય લક્ષ્મી તે કેવળજ્ઞાન, તેના સંગથી જે મહા-આનંદ તે મોક્ષગમન. એ રીતે કોઈ ભવ્ય આ જ ભવમાં કૃતકૃત્ય થઇ શકે છે. આસન્નસિદ્ધિક તો તપફળને ઇચ્છનારો હોય, દિવ્ય નગરોરૂપ ભવોમાં ભોગ તે પેલા રત્નના મૂલ્યનું ફળ, સાત આઠ વાર દિવ્ય નગરોમાં જે ગમનાગમન તે દિવ્ય પુણ્યથી થયેલા મનુષ્ય અને દેવના ભવો. દિવ્ય નગરમાં જવાને ઇચ્છતો દુર્ભવ્ય જે પલ્લીમાં આવ્યો તે અલ્પ ભોગદ્ધિયુક્ત ભૂત, પ્રેતાદિનો જન્મ, સુખ-દુઃખને ભોગવતાં ઘણા ભવો ભમીને ફરી ગુરુના વચન પામી દુર્ભવ્ય પણ ભવ્ય, થઇને મોક્ષે જઈ શકે છે; પરંતુ ગુરુ પરના દ્વેષથી અભવ્યને તો માનવભવથી દૂર જઈ દુર્જન્મો ઘણા કરવા પડે તેવા અરણ્યમાં પેસતાં ત્યાં દુષ્કર્મ નામના દુષ્ટ જીવોથી ત્રાસ પામતાં કૂપાદિ સ્થાનરૂપ દુઃખસ્થાનોમાં પતિત થાય છે. એ રીતે વારંવાર એક કષ્ટમાંથી બીજા કષ્ટમાં પડતાં તે કદી પણ કુજન્મોનો પાર પામી શકતો નથી. એ પ્રમાણે અંતરંગ દૃષ્ટાંત જાણીને સુબુદ્ધિ સંતજનો અહિતનો ત્યાગ કરી સ્વહિતમાં રક્ત બનો.

સંપાદક V

## દયા—

લાવણ્ય વિનાનું રૂપ, વિદ્યા વિનાનું શરીર અને જળ વિનાનું સરોવર જેવું ભાસે છે, તેવો દયા વિનાનો ધર્મ ભાસે છે; અર્થાત તે સર્વ જેમ શોભતા નથી તેમ દયા વિનાનો ધર્મ શોભતો નથી.

—સુભાષિત પદ્યરત્નાકર ( ભા. ૧ લો )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુ૦ અભ્યાસી બી. એ.

# જીવન-સૌન્દર્યના ઉત્પાદક તત્ત્વ.

ઘણેભાગે પ્રત્યેક મનુષ્યનાં હૃદયમાં પોતાનાં જીવનને આકર્ષક, પ્રભાવશાળી અને સૌન્દર્યથી યુક્ત બનાવવાની સદા કાંક્ષા રહે છે. મનુષ્યહૃદયની રસવૃત્તિઓ સૌન્દર્યતત્ત્વોના ચરણોમાં સદૈવ પત્ર-પુષ્પ ચઢાવે છે. સૌન્દર્યો-પાસના મનુષ્યનો સ્વાભાવિક ગુણ છે માનવીય રસેષણાની તૃપ્તિ સૌન્દર્યરસના આસ્વાદન વગર અસંભવિત છે. એવી મનોવૃત્તિથી પ્રેરિત બનીને મનુષ્ય પોતાનાં જીવનમાં સૌન્દર્યની ક્રિયાત્મક પ્રતિષ્ઠા કરવાનો પ્રયત્ન કરે છે. તે પોતાનાં જીવનમાં જ સૌન્દર્ય ઉત્પન્ન કરે છે, પરંતુ મનુષ્યોની વર્તમાન જીવન-સ્થિતિને જોવાથી જણાય છે કે મનુષ્યોનો મોટો ભાગ સૌન્દર્યનો સાચો મર્મ સમજતો નથી અને તેઓ સૌન્દર્યને બદલે અસુંદર અને ઘૃણાસ્પદ બાહ્ય તત્ત્વોની ઉપાસના કરે છે. એ પ્રત્યક્ષ આત્મવંચના છે.

સૌન્દર્ય-તત્ત્વના વિશેષજ્ઞ વિદ્વાન્ આર. ટોફર કહે છે કે-"God is beauty and ideas of beauty in us are divine attributes there." આનો ધ્વનિતાર્થ એ છે કે સૌન્દર્ય પ્રભુનો પ્રકાશ છે અને મનુષ્યજીવનમાં એની પ્રતિષ્ઠા કરવી એ એક દિવ્યતમ સ્વર્ગીય આશીર્વાદને સત્કારવા જેવું છે. આપણે અહિંયા જીવનસૌન્દર્યના ઉત્પાદક તત્ત્વો ઉપર વિચાર કરીશું.

**દિવ્ય વ્યક્તિત્વ—**

દિવ્ય વ્યક્તિત્વ (Divine personality) જીવન-સૌન્દર્યનું મુખ્ય ઉત્પાદક તત્ત્વ છે. જેનું વ્યક્તિત્વ મહાન્ પ્રભાવશાળી અને આકર્ષક હશે તે જ સૌન્દર્યપૂર્ણ જીવનસ્થિતિનો રસાનુભવ કરી શકશે. કોઇપણ સંતપુરુષના જીવન-વૃત્તિનો મનોયોગપૂર્વક અભ્યાસ કરવાથી આ સત્ય સ્પષ્ટ સમજાશે. વ્યક્તિત્વના સૌન્દર્યની મીમાંસા કરતાં પ્રો. એમ. વી. એ લખ્યું છે કે-'દિવ્ય વ્યક્તિત્વની ઉજ્જવળ રેખાઓ માનવ-જીવનમાં અનુપમ સૌન્દર્યની સૃષ્ટિ રચે છે. એના પ્રભાવથી જીવન અતિ વધારે મનોજ્ઞ અને પ્રભાવશાળી બની જાય છે. વ્યક્તિત્વ વિશ્વની શક્તિઓને પોતાના સૌન્દર્યના પ્રભાવથી વશ કરી લે છે અને તેની ઉપર ઇચ્છાનુકૂળ શાસન કરે છે. માનવ-જીવનનો જે કોઇ સુંદર અને મહનીય અંશ છે તે તેનું વ્યક્તિત્વ જ છે. જે જીવનમાં વ્યક્તિત્વની આભા નથી ઝળકતી તેનું સારહીન અસ્તિત્વ વિશ્વને માત્ર એક અભિશાપ સમાન છે.'

આ વિષયમાં થોમસ એકેમ્પીસનો મત એવો છે કે-દીર્ઘજીવનની કામના કરવી; પરંતુ સાથોસાથ જીવનમાં માધુર્ય, પ્રકાશ અને વ્યક્તિત્વ ઉત્પન્ન કરવા તરફ ધ્યાન ન આપવું એ એક પ્રકારનું મિથ્યાભિમાન છે.

આ રીતે આપણે જોઇએ છીએ કે દિવ્ય વ્યક્તિત્વ જીવન-સૌન્દર્યનો મૂળ આધાર છે. વ્યક્તિત્વ માનવીય આત્માનો વિકાસ છે અને જીવનસૌન્દર્ય પણ આત્મસ્થ શીલરસનું મૂર્તરૂપ. એ રીતે એ બન્ને એક બીજાના સાપે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષિક ( Relative ) પદાર્થ છે અને તેનો અવિચ્છિન્ન સંબંધ છે.

## નિર્મળ વિચારધારા–

નિર્મળ વિચારધારા પણ જીવનમાં અદ્ભુત સૌન્દર્યને વિકસિત કરી મૂકે છે: એનો પ્રત્યક્ષ સંબંધ આપણા મનોગત સૌન્દર્યતત્ત્વની સાથે રહેલો છે. વિશુદ્ધ માનસિક વાતાવરણમાં જે સૂક્ષ્મ સૌન્દર્ય રહેલું છે તે અત્યંત વિલક્ષણ છે. તેનો મહિમા અપાર છે. સૌન્દર્યાત્મક વિચાર–અણુઓનો આંતરિક પ્રવાહ માનવીય અંતઃકરણની પ્રસુપ્ત શક્તિઓને જાગૃત કરે છે. મનોવિજ્ઞાનના આચાર્ય આપણને બતાવે છે કે માનસિક સૌન્દર્ય સ્વતઃ આવિર્ભૂત થનારું તત્ત્વ છે અને મજબૂત મનોબળ તેમજ ઇચ્છાશક્તિ તેની અભિવ્યક્તિમાં ખૂબ સહાય કરે છે. નિર્મળ વિચારધારાનું સૌન્દર્ય વિજ્ઞાન સંમત દૃષ્ટિકોણથી વિશ્લેષણ કરતી નીચે લખેલી વાતો આપણું ખાસ ધ્યાન ખેંચે છે.

(ક) વિચાર જ વાસ્તવિક મનુષ્ય છે. મનુષ્ય જેવા વિચાર કરે છે તેવો તે પોતે બની જાય છે. તેથી વિચારાત્મક સૌન્દર્ય જ જીવનસૌન્દર્યનું સ્થાયિત્વપૂર્ણ અંશ છે.

(ખ) જ્યાં સુધી પ્રજ્ઞાશક્તિ નિતાન્ત વિશુદ્ધ અને ગ્રાહક નથી હોતી ત્યાં સુધી વિશ્વનું કોઈ પણ તત્ત્વ પોતાનું વાસ્તવિક રૂપ તેની સામે પ્રકટ નથી થતું.

(ગ) જીવન–સૌન્દર્યની કલ્પના મિથ્યા-ભ્રમ સાબીત થશે. જો આપણું મનસ્તત્ત્વ વિકારયુક્ત અને સદોષ હશે તો.

(ઘ) સૌન્દર્યતત્ત્વનો અનુભવ અને સૃષ્ટિનું કારણ આપણી વિચારધારા જ છે. એક વિશેષ પ્રકારની વિચારદીપ્તિનું નામ જ જીવન–સૌન્દર્ય છે.

(ઙ) રચનાત્મક [Constructive] વિચાર-સૃષ્ટિ જીવનસૌન્દર્ય અને જીવનકળાની જનની છે. એ આત્મસ્થ સૌન્દર્યતત્ત્વને વિકસિત થવામાં મદદ કરે છે.

(ચ) શિવસંકલ્પ અને જીવનસૌન્દર્ય કદી પણ વિભિન્ન નહિ કહી શકાય. એ. વિનેટ કહે છે કે ' At a certain depth the Good and the Beautiful are One. ' અર્થાત્ શિવ અને સુંદરનું પૃથક્કરણ કોઈ પણ અવસ્થામાં શક્ય નથી.

## સદ્વ્યવહાર–

સદ્વ્યવહાર પણ જીવનમાં સૌન્દર્ય-શકિતને ઉત્પન્ન કરનાર એક વિશેષ તત્ત્વ છે. તે એક સામાજિક ગુણ છે. તેનો સામાજિક ઉપયોગ અત્યંત મહત્ત્વશાળી અને ઉત્તરદાયિત્વપૂર્ણ કાર્ય છે. માનવજીવનનું અસ્તિત્વ પારસ્પરિક સહયોગ અને સ્નેહ પર અવલંબેલું છે. આપણી જીવનયોજના અને વ્યવહાર સદ્ભાવનાયુક્ત હોવા જોઇએ. આપણે સદ્-વ્યવહારના ક્રિયાત્મક રૂપ પર વિચાર કરીએ છીએ ત્યારે આપણને ત્રણ તત્ત્વો દેખાય છે.

(૧) ત્યાગવૃત્તિ (૨) નૈતિકતા (morality) (૩) ઉપકારક મનોવૃત્તિ.

**૧. ત્યાગવૃત્તિ**–ત્યાગવૃત્તિ આપણા લોક-વ્યવહારને દિવ્ય અને સુંદર બનાવે છે. કેટલીક વાર મનુષ્ય એવી સ્થિતિમાં પડી જાય છે કે જ્યાં તેના સ્વાર્થ અને બીજા મનુષ્યોના સ્વાર્થમાં પારસ્પરિક વિરોધ હોય છે તે સમયે જે વ્યક્તિ પોતાના સ્વાર્થનો ત્યાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી દે છે તેની તરફ જનતા અત્યંત આદરની દૃષ્ટિ જુએ છે અને તેનું ગૌરવપૂર્ણ સેવાપરાયણ જીવન આત્મસૌન્દર્યથી જ્યોતિર્મય બની જાય છે. બીજાની ખાતર પોતાના સુખોનું બલિદાન કરવું એ માનવજીવનનો અતિ વધારે પ્રકાશપૂર્ણ અંશ છે. તેનાથી જીવનમાં દિવ્ય સૌન્દર્યની અદ્ભુત જ્યોતિ પ્રસરી રહે છે.

૨. **નૈતિકતા**–નૈતિકતા આપણા વ્યવહારિક જીવનમાં સૌન્દર્યને ઉત્પન્ન કરનાર એક ક્રિયાત્મક તત્ત્વ છે. આપણું જીવન કેવું છે એ નીતિશાસ્ત્ર નથી વર્ણવતું, છતાં આપણું જીવન કેવું હોવું જોઈએ એ વાતનો નિર્દેશ કરે છે. એ શાસ્ત્રના યથાર્થવાદ (Realism)-ની અપેક્ષાએ આદર્શવાદ (Idealism) સાથે વિશેષ સંબંધ છે. સુંદર, ભવ્ય અને આદર્શ-જીવનની કલ્પના નીતિશાસ્ત્ર આપણી સન્મુખ ઉપસ્થિત કરે છે. નીતિતત્ત્વો તરફ બરાબર ધ્યાન ન આપવાથી મનુષ્યનું વૈયક્તિક જીવન તો ઘૃણિત અને અસુંદર જ થઈ જાય છે. તેનું સામાજિક જીવન પણ કલહપૂર્ણ અને પાશવી બની જાય છે. નૈતિકતાની અવહેલના કરવી તે જીવનશક્તિ અને જીવન-સૌન્દર્યની વિરુદ્ધ વિદ્રોહ કરવા જેવું છે. નૈતિકતાના વ્યવહારિક સિદ્ધાંતોનું વર્ણન એક વિદ્વાન કરે છે કે 'સત્ય અને ઔચિત્યનું હમેશાં ધ્યાન રાખવું એ નૈતિકતાની ક્રિયાત્મક સાર્થકતા છે. તેની સાથે જ આપણા પ્રત્યેક ક્રિયાકલાપમાં વિવેકદૃષ્ટિનો ઉપયોગ કરવો એ પણ મનુષ્યના નૈતિક વાતાવરણમાં છે. ખરી રીતે નૈતિકતા માનવજીવનનો નિયામક સિદ્ધાન્ત છે.

૩. **ઉપકારક મનોવૃત્તિ**–ઉપકારક મનોવૃત્તિ પણ માનવજીવનની સદ્વ્યવહારાત્મક ભૂમિકાનું આવશ્યક ઉપકરણ છે. ઉપકારકળામાં નિપુણ થવા માટે માણસને પોતાના સમસ્ત જ્ઞાન, વિવેક, પ્રતિભા અને મનોબળથી કામ લેવું પડે છે. ઉપકારક મનોવૃત્તિમાં જે સૌન્દર્ય રહેલું છે તે સૂક્ષ્માતિ સૂક્ષ્મ અને કલાપૂર્ણ છે. તે સૌન્દર્ય પૂરેપૂરું સાત્વિક, નિર્દોષ અને જીવનપોષક હોય છે. જ્યારે માણસ કોઈ પ્રાણીનું કંઈક સારું કરે છે ત્યારે તેને એટલો બધા સંતોષ અને આનંદ થાય છે કે તે પોતાના જીવનને ધન્ય અને કૃતકૃત્ય માનવા લાગે છે. ઉપકારના સ્વાસ્થ્યનું આસ્વાદન કરનાર વ્યક્તિ આત્મિક વિભૂતિઓથી વિભૂષિત રહે છે. ઉપકારક મનોવૃત્તિ માનવજીવનનો અલંકાર છે. એમ પણ કહી શકાય કે ઉપકારવૃત્તિ આત્માની કળા છે, કેમકે તે આત્માનો એક ગુણ છે.

**આત્માનુશાસન**–

આત્માનુશાસન પણ માનવજીવનને સૌન્દર્યયુક્ત બનાવનાર એક મૌલિક તત્ત્વ છે. જીવન શક્તિઓનાં યોગ્ય વિકાસ માટે આત્માનુશાસનનો અભ્યાસ એક મહત્ત્વપૂર્ણ પ્રયોગ છે. અનિયંત્રિત આત્મશક્તિઓ જીવનસૌન્દર્યને નષ્ટભ્રષ્ટ કરી નાખે છે. આત્માનુશાસન એનું નિયત્રંણ કરે છે અને એને ઠીક માર્ગે લાવે છે. લાંબા વખતની કુટેવ અથવા સ્વાર્થવૃત્તિથી પ્રેરાઈને માણસ જે ભયંકર પાપકર્મોમાં પ્રવૃત્ત થાય છે અને પોતાની જીવનજ્યોતિ તથા આત્મિક માધુર્યને ખોઈ બેસે છે તે મનુષ્યનું રક્ષણ આત્માનુશાસન કરે છે. બધા ધર્મગ્રંથોમાં આત્માનુશાસનનો મહિમા ખૂબ ગવાયો છે. જે વ્યકિત આત્માનુશાસનનું રહસ્ય સમજી લે છે તેણે પોતાના જીવનમાં ભારે સફળતા પ્રાપ્ત કરી લીધી એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવું જોઈએ; કેમકે આત્માનુશાસન જ માનવ ઉન્નતિનું મૂળ તત્ત્વ છે. તે આપણને વિશ્વની શક્તિઓના ઘાતપ્રત્યાઘાત સહેવાને લાયક બનાવે છે, આપણું મનોબળ ખીલવે છે અને આપણી જીવનશક્તિનો દુરુપયોગ થવા નથી દેતું. આપણા જીવનમાં એક નિયંત્રણ, એક યોજના અને એક સૌન્દર્ય-દીપ્તિને જાગૃત કરે છે. આત્માનુશાસનનો આત્મસંયમ સાથે પ્રત્યક્ષ સંબંધ છે અથવા તો એમ કહીએ કે આત્મસંયમ આત્માનુ-શાસનનું જ એક અંગ છે. આત્માનુશાસન સંબંધમાં પ્રો. એમ. વી. લખે છે કે–' આત્મ-સંયમ સમસ્ત માનવીય શક્તિઓના વિકાસનું મુખ્ય સાધન છે. આત્મસંયમના અભાવે મનુષ્ય નાનીમાં નાની વાતમાં પણ સફળતા પ્રાપ્ત કરી શકતો નથી. સંસારની પ્રત્યેક સફળતા અને પ્રત્યેક ગૌરવવંતુ કાર્ય પરોક્ષ રીતે આત્મસંયમના મહત્વ તરફ જ નિર્દેશ કરી રહેલ છે; કેમકે સાધકની સંયમપૂર્ણ સાધનાના યોગથી જ તે પ્રકાશમાં આવી શકે છે. વિશ્વપ્રકૃતિનું પ્રત્યેક ઉત્ક્રાન્તિમૂલક તત્ત્વ આપણને આત્મસંયમનો પાઠ શીખવી રહેલ છે.

આત્મસંયમના મૂળતત્ત્વ ત્રણ છે.

(૧) ઈચ્છાશક્તિનું નિયંત્રણ (૨) ક્રિયં-શીલતાનું નિયંત્રણ (૩) ભાવશીલતાનું નિયં-ત્રણ. એ નિયંત્રણનું અનિવાર્ય પરિણામ આત્મોત્કર્ષ, હૃદયતત્ત્વનો વિકાસ અને જીવન-સૌન્દર્યની ઉત્પત્તિ છે.

**સત્યપૂર્ણ આંતરિક વાતાવરણ–**

એ જીવનસૌંદર્યને ઉત્પન્ન કરનારૂં છેલ્લું પરંતુ સૌથી વધારે બળવાન તત્ત્વ છે. જ્યાંસુધી મનુષ્યનું આંતરિક વાતાવરણ સત્યના મધુર કિરણોથી પ્રકાશમાન ન થાય ત્યાં સુધી જીવનને સૌન્દર્યકળાથી વિભૂષિત કરવાના બધા પ્રયત્ન મિથ્યા પ્રમાદ અને ચરિત્રહીનતાના પ્રદર્શનરૂપ છે. સત્યપૂર્ણ આંતરિક વાતાવરણના અભાવમાં કોઇપણ જીવનસૌંદર્યને ઉત્પન્ન કરનાર તત્ત્વ ટકી શકતુ નથી. કહ્યું છે કે 'सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा' અર્થાત્ આત્મસૌન્દર્યનો પ્રકાશ સત્ય તથા તપસ્યા-દ્વારા જ ઉત્પન્ન કરી શકાય છે. બીજી કોઈ પણ રીતે નહિ. આ જ તત્ત્વો જીવનને પ્રભાવ-શાળી, સૌન્દર્યયુક્ત અને કળામય બનાવી શકે છે. તેની સદૈવ સાધના–આરાધના કરતા રહેવી એ આપણો જીવનધર્મ છે.

अस्तु.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## પંજાબ સમાચાર.

નારોવાલમાં આચાર્યવર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજના પધારવાથી આનંદોત્સવ થઇ રહેલ છે. આચાર્યશ્રીજીના ચાતુર્માસ માટે પટ્ટી શ્રી સંઘ વાટ જોઇ રહેલ છે ત્યારે સ્યાલકોટ શ્રી સંઘ પોતાના આંગણે ચાતુર્માસ કરાવવા માટે તનતોડ પ્રયત્ન કરી રહેલ છે. સ્યાલકોટ સ્થાનકવાસીઓનો ગઢ છે. જેમ અમદાવાદને આપણા સાધુ-સાધ્વીઓનો વિરહ રહેતો નથી તેમ સ્યાલકોટને સ્થાનકવાસી સાધુ-સાધ્વીઓનો વિરહ રહેતો નથી. કેવલ આપણા સાધુઓનું જ કોઇ કોઇ વખત આવવાનું થાય છે. આ વર્ષે આચાર્યશ્રીજીના પધારવાથી સ્યાલકોટમાં ધર્મનો પ્રચાર બહોળા પ્રમાણમાં થયો. લોકો જાણવા લાગ્યા કે જૈન ધર્મ શું છે? પરિણામે જૈન-અજૈન બંધુઓને આચાર્યશ્રીજીને ચાતુર્માસ કરાવવાની તીવ્ર ઉત્કંઠા થઈ. લાલા કર્મચંદજી અગ્રવાલ ઓનરેરી માજીસ્ટ્રેટ, સુપ્રસિદ્ધ વૈદ્યરાજ ગોપાલશાહ, પંડિત જગદીશચંદ્ર વિગેરેનું ડેપ્યુટેશન આચાર્યજીની સેવામાં વિનંતિ કરવા આવ્યું અને સાદર સાગ્રહ વિનંતિ કરી કે ગુરુદેવ આ નવા ક્ષેત્રમાં કષ્ટો સહન કરીને પણ ચાતુર્માસ કરવું જ જોઇએ ઇત્યાદિ-આચાર્યશ્રીજીએ પણ યોગ્ય ઉત્તર આપ્યો. ફરીથી ગઇ કાલે શ્રી આત્માનંદ જૈન સભાના સેક્રેટરી લાલા શોરીલાલજી બી. એ. શ્રી સંઘનો વિનંતિપત્ર લઇને આવ્યા અને સ્યાલકોટ પધારવા આગ્રહ કર્યો.

સ્યાલકોટમાં દેરાસર માટે જગ્યા ખરીદાઇ ગઈ છે. લાભાલાભનો વિચાર કરી ટૂંક સમયમાં આચાર્યશ્રીજીના ચોમાસાનું નક્કી થશે.

### જયંતિ.

જેઠ સુદિ આઠમ ને મંગળવારે સ્વર્ગવાસી શ્રી ગુરુદેવ ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય **શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી** (આત્મારામજી) મહારાજની સ્વર્ગગમન તિથિ એઓશ્રીજીના પટ્ટધર આચાર્યશ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મ.ની અધ્યક્ષતામાં લાલા બુદ્ધામલજી જૈનના તબેલામાં સમારોહપૂર્વક ઉજવવામાં આવી. ઉચ્ચાસન પર જયંતિનાયકની તસ્વીર બિરાજમાન કરવામાં આવી હતી.

સભામાં જૈન, જૈનેતર બંધુઓની ઉપસ્થિતિ સારી હતી. સંખતરા, જમ્મુ, સ્યાલકોટ, પસરૂર, ગુજરાંવાલા, જંડીયાળા આદિના ભાઇઓની હાજરી પણ ખાસ તરી આવતી હતી. પ્રથમ ગુરુસ્તુતિના મનોહર ભજનો થયા. શ્રી આત્માનંદ જૈન કન્યાપાઠશાળાની કન્યાઓએ ગુરુસ્તુતિનું ગીત ગાયું. શ્રી સંઘે વાસક્ષેપથી જયંતિનાયકની પૂજા કરી હતી.

પંડિત હંસરાજજી શાસ્ત્રીએ વિદ્વત્તાપૂર્ણ ભાષણ આપતાં જયંતિનાયકમાં રહેલ સત્યનિષ્ઠાના મહાન્ ગુણ ઉપર ભાર મૂકયો હતો.

પંન્યાસ સમુદ્રવિજયજી મહારાજે બુલંદ અવાજથી ભાષણ આપતાં **જૈનધર્મની** પ્રાચીનતા બતાવી. જયંતિનાયકનું સંક્ષિપ્ત પણ ભાવવાહી જીવનચરિત્ર સંભળાવી વિશેષમાં જણાવ્યું કે આપણા આજના જયંતિનાયક આચાર્યશ્રીજીને એક વખતે પંજાબ શ્રીસંઘે પ્રાર્થના કરી કે-હે વિભો! આપ અમર રહો. અમો (પંજાબ) શ્રી સંઘ સદૈવ આપની છત્રછાયામાં શાંતિથી ધર્મધ્યાન, શાસનપ્રભાવનાના કાર્યો કરતા રહીએ; પરંતુ કાળની ગતિ ન્યારી છે વાસ્તે આપ કૃપા કરીને ફરમાવો કે આપની બાદ અમારી (પંજાબ શ્રી સંઘની) સારસંભાળ કોણ લેશે? પંજાબમાં જૈન ધર્મનો વિજયવાવટો કોણ ફરકાવશે. જવાબમાં આપણા જયંતિનાયકે આપણી સમક્ષ બિરાજેલા વર્તમાન આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મ. ની તરફ અંગુલિનિર્દેશ કરી ફરમાવ્યું કે-**તુમારી (પંજાબ શ્રી સંઘકી) સારસંભાળ યહ મેરા વલ્લભ કરેગા. મેરે લગાયે હુએ બાગ કો વલ્લભ હી હરાભરા રખેગા. મેરી ઇચ્છા કો યહી પૂર્ણ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેગા. **આપલોગ નિશ્ચિંત રહે**–ઈત્યાદિ ઇત્યાદિ. આપણા જયંતિનાયકના મુખારવિંદથી નીકળેલા આ બહુમૂલ્ય વચનને આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજે તેજ વખતે પોતાના હૃદયપટ્ટ પર અંકિત કરી રાખ્યા અને સમય આવ્યે નાભા શહેરમાં સ્વ. મહારાજા હીરાસિંગજી બહાદુરની અધ્યક્ષતામાં ઢુંઢીયાઓનો પરાજય કરી શ્રી ગુરુદેવના નામનો વિજયવાવટો ફરકાવ્યો અને સ્થાન સ્થાન પર વિદ્યાપીઠો, સરસ્વતીમંદિરો, સભાઓ, જિનાલયો વિગેરે વિગેરે સ્થાપન કરાવી સફળ કરાવી બતાવ્યા છે.

અધ્યક્ષસ્થાનેથી આચાર્યશ્રીજી એ ઉપસંહાર કરતા ઓજસ્વી ભાષામાં જયંતિનાયકના કાર્યો પર સુંદર પ્રકાશ નાખ્યો.

પસરૂરના ભાઇઓનું આવેલ લાલા રામચંદજી, લાલા કસ્તૂરીલાલજી, બાબુ ચેનસુખલાલજી, અભયકુમારજી ઇત્યાદિનું ડેપ્યુટેશન ભરસભામાં ઊભું થઇ હાથ જોડી પસરૂર પધારવા માટે વિનંતિ કરી. આચાર્યશ્રીજીએ પણ યોગ્ય ઉત્તર આપ્યો.

૧૧॥ વાગ્યે જયઘોષણાઓની સાથે મોદકોની પ્રભાવના લઇ સભા વિસર્જન થઇ.

## વિશેષ કાર્યો.

પ્રભાતફેરી કાઢવામાં આવી.

સર્વે જૈનોએ આખો દિવસ દુકાનો બંધ રાખી.

બપોરે સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી.

લાલા અમરનાથજી જ્ઞાનચંદના તરફથી ગરિબોને ભોજન આપવામાં આવ્યું. રાતના પંડિત હંસરાજજી શર્માનું પ્રવચન રાખવામાં આવ્યું પરંતુ વરસાદ વરસવાથી બંધ રાખવું પડયું.

આચાર્યશ્રી થોડા દિવસ અત્રે સ્થિરતા કરી સ્યાલકોટ અથવા પટ્ટી તરફ વિહાર કરશે.

સુપ્રસિદ્ધ પંજાબકેશરી જૈનાચાર્ય **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજની નારોવાલમાં સ્થિરતા દરમ્યાન દરરોજ વિવિધ વિષયો પર આચાર્યશ્રીએ વ્યાખ્યાનો આપ્યા હતા અને બપોરે હિન્દુ, મુસલમાન, શીખ, આર્યસમાજી વિગેરે બંધુઓની શંકા સમાધાન કરતા.

આચાર્યશ્રીજીને ઠેકાણે ઠેકાણેથી ચાતુર્માસ માટે વિનંતિઓ આવી અને પટ્ટી તેમજ સ્યાલકોટના ડેપ્યુટેશનોએ વારંવાર આવી વિનંતિ જારી રાખી.

નારોવાલમાં પણ પટ્ટી શ્રી સંઘના ૨૧ મેમ્બરોનું ડેપ્યુટેશન અને સ્યાલકોટથી રાયસાહેબ લાલા કર્મચંદજી અગ્રવાલ ઓનરેરી માજીસ્ટ્રેટ તથા સુપ્રસિદ્ધ વૈદ્ય લાલા ગોપાલશાહજી આદિની આગેવાની નીચે ડેપ્યુટેશન આવી સાગ્રહ વિનંતિઓ કરી ગમે તે ભોગે પણ ચોમાસું કરાવવા તૈયારી બતાવી.

એક તરફ ત્રણ ચાર વર્ષથી પટ્ટી શ્રી સંઘની આગ્રહભરી વિનંતિ અને ખાનગાડોગરામાં ભક્તિવાળા શ્રાવકોના ઘર, સર્વ પ્રકારની સગવડતા; બીજી તરફ સ્યાલકોટ જેવો સ્થાનકવાસી ભાઇઓનો જબરદસ્ત ગઢ, ન મળે દહેરાસર કે ઉપાશ્રય, દેવપૂજક શ્રાવકોના પુરા ઘર નહીં અને અનેક પ્રકારના આવનાર વિઘ્નો તે જુદા, છતાં બન્ને ક્ષેત્રોની લાભની તુલના કરતાં સ્યાલકોટમાં અધિક લાભ જણાયાથી જેઠ વદિ ચોથે **સ્યાલકોટમાં** ચાતુર્માસ કરવાનું આચાર્યશ્રીજીએ નારોવાલમાં જાહેર કર્યું. એથી આખા પંજાબમાં આનંદની ઊર્મિઓ ઉછળવા લાગી અને સ્યાલકોટ નિવાસીઓની ખુશીનો પાર ન રહ્યો

જેઠ વદિ સાતમે આચાર્યશ્રીજી પોતાની પંન્યાસ સમુદ્રવિજયજી આદિ શિષ્યમંડળી સાથે સ્યાલકોટ તરફ વિહાર કરવાના હોઇ આચાર્યશ્રીજીના ઉપદેશામૃતનું પાન કરી લાલા જંગીરીલાલ લિગા જૈને કિલ્લા **શોભાસિંગનો** સંઘ કાઢવાની તૈયારીઓ કરી. તદનુસાર જેઠ વદિ સાતમે આચાર્યશ્રીજી સંઘની સાથે વાજતેગાજતે વિહાર કરી સ્ટેશન પાસે લાલા પંજૂશાહની ધર્મશાળામાં માંગલિક સંભળાવી ડામાલા પધાર્યા.

આઠમે કિલ્લા શોભાસિંગમાં ધામધૂમથી પ્રવેશ કરી, શ્રી શીતલનાથ પ્રભુના દર્શન કરી આર્યસમાજ મંદિરમાં ઉતારો લીધો.

અહીં શ્રાવકોના ઘર ન હોવા છતાં દેવવિમાન સમાન દહેરાસર શોભી રહ્યું છે. આ શુભ પ્રસંગનો લાભ લેવા ગુજરાંવાલા, અંબાલા, અમૃતસર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પસરૂર વિગેરેના સંભાવિત સદ્દગૃહસ્થો સારી સંખ્યામાં આવ્યા હતા. સંઘવીજીના તરફથી સામૈયું સાધર્મીવાત્સલ્ય, પૂજા, પ્રભાવના આદિ કાર્યો થયા. સાંજના પાંચ વાગ્યે આર્યસમાજ મંદિરમાં જ જૈન, હિન્દુ, મુસલમાન, શીખ વિગેરે સેંકડો બંધુઓની ઉપસ્થિતિમાં આચાર્યશ્રીજીએ જીવદયા વિષય પર મહત્ત્વશાળી વ્યાખ્યાન આપ્યું.

પસરૂરથી લાલા મોતીશાહજી, લાલા રામચંદજી, ખજાનચીલાલજી કસ્તૂરીલાલજી, લાલા ખજાનચીલાલજી સુખચેનલાલજી વિગેરે ભાઇઓનું ડેપ્યુટેશન આચાર્યશ્રીજીને પસરૂર પધારવા વિનંતિ કરવા આવ્યું. પહેલા જંડીયાલામીયાં, નારોવાલમાં પણ વિનંતિ કરવા આવ્યું હતું.

જેઠ વદિ નવમીએ આચાર્યશ્રીજી વિહાર કરી પસરૂર પધાર્યા. પસરૂરમાં સ્થાનકવાસી ભાઇઓનું જોર હોવા છતાં આચાર્યશ્રીજીનું સ્વાગત ઘણી જ ધામધૂમથી કરવામાં આવ્યું.

આચાર્યશ્રીજી સામૈયા સાથે આખા શહેરમાં ફરી દરવાજા બહાર ગેંદાવાળા મંદિરમાં કે જ્યાં ખાસ મંડપ તૈયાર કરાવવામાં આવેલ ત્યાં પધારી સમય ઘણો થઇ જવાથી માંગલિક સંભળાવ્યું. પસરૂરનિવાસીઓ તરફથી અભિનંદન પત્ર લાલા વિલાયતીરામજી જૈને સભાને વાંચી સંભળાવી આચાર્યશ્રીજીના કરકમળોમાં અર્પણ કર્યું.

ચાર વાગ્યે બીજી સભા થઇ, ઐકયતા ઉપર આચાર્યશ્રીજીનું બોધપ્રદ વ્યાખ્યાન થયું.

રાતના આઠથી બાર વાગ્યા સુધી ભાષણો અને ભજનો થયા. આજે જ પસરૂરનિવાસીઓને જાણ થઇ કે જૈનધર્મના ખરા સાધુઓ તો આવા હોય છે. એઓના આચારવિચારો આવા ઉત્તમ હોય છે.

દશમના દિવસે એ જ મંડપમાં આચાર્યશ્રીનું માંસત્યાગ અને મૂર્તિમંડન પર ઘણું જ રસપ્રદ વ્યાખ્યાન થયું. ઘણાઓએ માંસનો ત્યાગ કર્યો.

સરદારબહાદૂર કપ્તાન **કરતારસિંહજીએ** ઊભા થઇ આચાર્યશ્રીજીના અને આચાર્યશ્રીજીની વ્યાખ્યાનશૈલી–વિદ્વત્તાના ભારોભાર વખાણ કરી જણાવ્યું કે હું સંતસમાગમ કરનારો અને વિદ્વાનોના સમાગમમાં આવનારો છું પણ આવું વિદ્વત્તા ભરેલું તત્ત્વરસથી તરબોળ થયેલું વ્યાખ્યાન મેં મારી ઉમરમાં આજ પહેલી જ વાર સાંભળ્યું છે. આવા પરમ યોગીરાજ શાંત તપસ્વીના દરરોજ પગ ચુંબવા જોઇએ. હું અત્રેના જૈનભાઇઓનું (કે જેઓ સતત પરિશ્રમ ઉઠાવી આચાર્યશ્રીજીને અહીં લાવ્યા છે) હૃદયથી સ્વાગત કરૂં છું અને ધન્યવાદ આપું છું કે એઓની કૃપાથી અમોને પણ આવા ત્યાગી ઉચ્ચ કોટીના સંતના દર્શન થયાં, અને ઉપદેશામૃતનું પાન કરવા મળ્યું. આપ સૌ હાથ જોડી મહાત્માજીના ચરણોમાં નમસ્કાર કરો, હું પણ કરૂં છું એમ કહી હાથ જોડી સવિનય નમસ્કાર કરી આચાર્યશ્રીજીના ચરણ ચુમ્બી પોતાના અહોભાગ્ય માન્યા. આચાર્યશ્રીજી બુલંદ અવાજથી વ્યાખ્યાન આપી રહ્યા હતા. લોકો સાનંદ એકાગ્ર ચિત્તથી સાંભળી રહ્યા હતા એટલામાં એક વૃદ્ધ મુસલમાન મોલવીએ આવી અપૂર્વ પ્રેમ સાથે આચાર્યશ્રીજીના કરકમળો ચુંબ્યા હતા, આથી આખી સભા ચકિત થઇ ગઇ હતી.

પસરૂરમાં થોડા દિવસની સ્થિરતા હોવાથી અને નગરનિવાસીઓની ઉપદેશામૃતનું પાન કરવાની તીવ્ર ઇચ્છા હોવાથી સવાર સાંજનાં એમ બબ્બે વ્યાખ્યાનો આપી મહાન્ ઉપકાર કર્યો.

તેરસ ને રવિવાર હોવાથી ગુજરાંવાલા, લાહોર, નારોવાલ વિગેરેથી ઘણા ભાઇઓ આવવાથી ત્રણ સભાઓ ભરવામાં આવી. બે સભાઓમાં આચાર્યશ્રીજીનાં મનોહર વ્યાખ્યાનો થયાં અને રાતની ત્રીજી સભામાં ભાષણો અને ભજનો થયા. આ તરફ આજકાલ સખ્ત ગરમી પડે છે છતાં તમામ લોકો ઘણી જ હોંશથી વ્યાખ્યાન આદિનો લાભ લે છે.

જેઠ વદિ અમાવાસ્યાએ પસરૂરથી આચાર્યશ્રી વિહાર કરી પૂર્વ. પ્રયાગપુર, બાબાબેરી આદિ થઇ અષાડ સુદિ ત્રીજ શુક્રવાર તા ૨૭–૬–૪૧મીએ ચાતુર્માસ કરવા સ્યાલકોટમાં ધામધૂમથી પ્રવેશ કર્યો. ગુજરાંવાલા, મુલતાન, પસરૂર, લાહોર આદિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પધારેલા ભાઇઓનું ભોજન આદિથી સ્વાગત લાલા ગોપાલશાહજીએ કર્યું.

પસરૂરમાં પ્રવેશના દિવસે બહારથી પધારેલા સેંકડો બંધુઓનું ભોજન આદિથી સ્વાગત લાલા ખજાનચીલાલજી સુખચેનલાલે કર્યું હતું અને બીજા દિવસોમાં લાલા મોતીશાહ રામચંદ, ખજાનચીલાલ કસ્તૂરીલાલે કર્યું હતું.

હાલમાં આચાર્યશ્રીએ રાયસાહેબ લાલા કર્મચંદજી અગ્રવાલ ઓનરરી માજીસ્ટ્રેટની આગ્રહભરી વિનંતિને માન આપી એઓના બંગલાની પાસે ઉતારો રાખ્યો છે. વ્યાખ્યાનવાણી થાય છે.

પ્રયાગપુરની નજીકમાં પસરૂરવાળા સરદારબહાદર કમાન કરતારસિંગના નાના ભાઈ મળ્યા અને આચાર્યશ્રીજીના ચરણોમાં નમસ્કાર કરી હાથ જોડી પ્રાર્થના કરી કે–હે ગુરુદેવ, આપના ધર્મપ્રચારથી પસરૂરનિવાસીઓ ઘણા જ સુધરી ગયા છે. હું એક એવી સોસાયટીનો મેમ્બર છું કે જ્યાં જીવહત્યા કરવી એ મામુલી વાત છે, છતાં આપની કૃપાથી સુધરી ગયો છું, રસ્તા પર આવી ગયો છું. મારા જેવા તો ઘણા સુધરી ગયા હશે.

આચાર્ય ભગવાનની ૭૨ વર્ષની ઉંમર છે છતાં દરેક સ્થળે હિંમતથી મનોબળથી ઘણું જ કામ લે છે. આ તરફ સખ્ત ગરમી પડવા છતાં વિહાર કરવો, ઉપદેશ આપવો, આહારપાણીની પરવા સરખીએ ન કરવી, તે જેવી તેવી વાત નથી. શીયાલકોટમાં ઢુંઢીઆના ત્રણસો ઘર છે જ્યારે આપણા તો ફક્ત બે ચાર ઘર છે. નથી દેરાસર કે નથી ઉપાશ્રય! અનેક પ્રકારનાં કષ્ટો સહન કરીને પણ અત્રેનું ચોમાસું કરી ઉપકાર કરવા, લોકોને સન્માર્ગમાં લાવવા હિંમત ભીડી છે. માજીસ્ટ્રેટ સાહેબ ચુસ્ત વૈષ્ણવ છતાં આચાર્યશ્રીજીના ચુસ્ત ભક્ત બની ગયા છે. તેઓના પ્રયત્નથી જ અહીં ચોમાસુ થયું છે. તેઓ દરેક કામમાં ભાગ લેવા તૈયાર રહે છે.

## આનંદજનક સમાચાર.

☆ **આ** સભાના માન્યવર સભાસદ પારેખ છગનલાલભાઇ જીવણભાઇ એલ. સી. ઇ. આસી. ઇન્જીનીયર સાહેબના સુપુત્રી બ્હેન **ધૈર્યબાળા** આ વખતે મેટ્રીક્યુલેશનની યુનિવર્સીટીની પરીક્ષામાં (૫૪૦) અસાધારણ માર્ક્સ મેળવી આ શહેરની હાઇસ્કુલમાં પ્રથમ નંબરે અને યુનિવર્સીટીની સંખ્યામાં સાતમા નંબરે પસાર થયા છે અને એક સાથે ત્રણ સ્કોલરશીપ મેળવવા ભાગ્યશાળી થયા છે. આ શહેરની પ્રજામાં અને જૈન સમાજમાં આવી રીતે ઉત્તીર્ણ થયાનો પ્રથમ દાખલો હોવાથી આ સભા પોતાનો આનંદ જાહેર કરે છે અને બ્હેન ધૈર્યબાળાને મુબારકબાદી આપે છે અને હવે પછીની યુનિવર્સીટીની આગળ આગળની પરીક્ષાઓ પણ તે રીતે જ બ્હેન ધૈર્યબાળા દીર્ઘાયુ થઇ પસાર કરે અને આ શહેરની અન્ય શિક્ષણ લેતી જૈન બાળાઓને તે રીતે ઉત્સાહીત કરવા ભાગ્યશાળી બને તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ. આવી અસાધારણ રીતે યુનિવર્સીટીની પરીક્ષા પસાર કરનાર અત્રેના જૈન સમાજની કોઇપણ બાળાને હવે આ સભા તરફથી અભિનંદનપત્ર આપવાનો ઠરાવ પણ આ સભાએ કરેલ છે. ☆ ☆ ☆

ઢુંઢીયા લોકો અત્યારથી જ વિઘ્નો નાખવા તૈયાર થઇ ગયા છે, પરંતુ આચાર્યશ્રીના પુણ્યપ્રતાપે સૌ સારા વાના થશે.

દહેરાસર માટે જગ્યા લેવાઇ ગઇ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ.

[ પુસ્તક ૩૮ મું. ]

[ સં. ૧૯૯૬ ના શ્રાવણથી ૧૯૯૭ ના અશાડ સુધીની ]

## વાર્ષિક વિષયાનુક્રમણિકા.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પ્રભુસ્તુતિ. ( પદ્ય ) | | ૧ |
| ૨. | આડત્રીશમા વર્ષનાં ઉર અભિનંદનો. (કાવ્ય) | (કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨ |
| ૩. | નૂતન વર્ષનું મંગળમય વિધાન. | ( માસિક કમિટી ) | ૩ |
| ૪. | વિચારરાશી અને વચનામૃતના વાકયો. | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૯, ૪૨ |
| ૫. | શ્રી શ્રુતજ્ઞાન. | ( પં. શ્રી ધર્મવિજયજી ગણિ. ) | ૧૧, ૬૧, ૧૦૧, ૧૮૦ |
| ૬. | શું દેવતા સુખી કરી શકે ? | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ. ) | ૧૫ |
| ૭. | પલીવાલ પ્રાંતમાં અમારો વિહાર અને તે સમાજનો ઉદ્ધાર. | ( મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ ) | ૧૮ |
| ૮. | नाणेण मुणि होई। | ( મોહનલાલ દી. ચોકસી ) | ૨૧ |
| ૯. | કર્તવ્યમીમાંસા. | ( અનુ. અભ્યાસી બી. એ. ) | ૨૪ |
| ૧૦. | મનઃશુદ્ધિનું મહત્ત્વ. | ( યોગશાસ્ત્ર ) | ૨૬ |
| ૧૧. | પ્રવાહના પ્રશ્નો. | | ૨૭ |
| ૧૨. | વર્તમાન સમાચાર. | | ૨૮, ૫૪, ૯૦, ૧૧૮, ૧૪૫, ૧૭૧, ૨૦૩, ૨૩૧, ૨૫૯, ૨૮૫, ૩૧૫, ૩૪૧ |
| ૧૩. | પર્વાધિરાજ પર્યુષણના પવિત્ર પંથો. (કાવ્ય) | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨૯ |
| ૧૪. | શ્રી ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય: અનુવાદ ( કાવ્ય ) | ( ડો. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) | ૩૧, ૬૯, ૧૨૩, ૧૫૨, ૧૯૦, ૨૧૦, ૨૪૯, ૩૦૧ |
| ૧૫. | સુખ–સમીક્ષા. | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૩૪ |
| ૧૬. | પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ? | ( મુનિશ્રી હંસસાગરજી મહારાજ ) | ૩૮, ૬૭, ૧૦૭, ૧૨૯, ૧૫૬, ૨૧૮, ૨૪૨, ૩૦૯ |
| ૧૭. | પતિવ્રતા સ્ત્રીઓનો ધર્મ અને લક્ષણો. | ( આત્મવલ્લભ ) | ૪૪ |
| ૧૮. | ધર્મનું મૂળ દુઃખમાં છુપાયેલું છે. | ( અનુ. અભ્યાસી બી. એ. ) | ૪૭ |
| ૧૯. | અમીયભરી મૂરતિ. | (મોહનલાલ દી. ચોકસી) | ૫૧ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૦. નૂતન વર્ષપ્રવેશ. (કાવ્ય) (રાયચંદ મૂળજી પારેખ) ૫૩
૨૧. ૧૯૯૭ની સાલનો શાંતિપ્રદ સંદેશ. (કાવ્ય) (કવિ રેવાશંકર વાલજી બધેકા) ૫૭
૨૨. ભક્તિ. (કાવ્ય) (મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) ૫૯
૨૩. વિષમ છે વાટ શિવપુરની. (કવ્વાલી) (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૬૪
૨૪. વિચારશ્રેણી. ( „ ) ૬૫, ૧૫૫, ૨૬૩
૨૫. મહાવીર સ્તુતિ. (કાવ્ય) (મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ) ૬૮
૨૬. પ્રભુના જ્ઞાનનો પ્રકાશ. ( „ ) ૭૧
૨૭. વ્યવહારવચન યાને ક્ષમાપના. (રાયચંદ મૂળજી પારેખ) ૭૨
૨૮. સૂત્ર અનુસારી ક્રિયા. (મોહનલાલ દીપચંદ ચોકસી) ૭૩
૨૯. વિજેતા કોણ ? (કનૈયાલાલ જગજીવન રાવળ બી. એ.) ૭૫
૩૦. છાત્રાલયો. (જૈન) ૭૮
૩૧. શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું જીવનચરિત્ર (પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજ) ૮૧
૩૨. સ્વીકાર સમાલોચના. ૯૨, ૧૧૭, ૧૪૭, ૧૭૪, ૨૨૯, ૨૯૨, ૩૧૯
૩૩. જ્ઞાનકોયડો. (કાવ્ય) (કવિ રેવાશંકર વાલજી બધેકા) ૯૩
૩૪. શત્રુંજય પદ્દદર્શન. (કાવ્ય) (મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) ૯૫
૩૫. પ્રભુ સ્તુતિ. (પદ્ય) (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૯૬
૩૬. આનંદની ભ્રમણાથી દુઃખ ભોગવતી દુનિયા. ( „ ) ૯૭
૩૭. અહિંસાનું માહાત્મ્ય. ૧૦૩
૩૮. પરમાત્માનું અધિરાજ્ય. (સમ્યગ્જ્ઞાનની કુંચી) (મૂ. લે. બાબુશ્રી ચંપતરાયજી જૈની) ૧૦૪, ૧૪૦, ૧૯૯, ૨૨૭, ૨૫૩, ૨૭૨, ૩૦૪
૩૯. કેટલાક કલ્યાણસૂત્રો. (અનુ. અભ્યાસી બી. એ.) ૧૧૧
૪૦. પદકજ નિવાસની તમન્ના. ( રા. ચોકસી) ૧૧૪
૪૧. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો જન્મમહોત્સવ. (ગુજરાંવાલા, ભાવનગર, કરજણ, અમદાવાદ.) ૧૧૮
૪૨. સદ્બોધક સાહિત્ય. (સરિતાન્યોક્તિ) (કવિ રેવાશંકર વાલજી બધેકા) ૧૨૧
૪૩. અન્યોક્તિનું પદ્યાત્મક વિવેચન. ( ” ) ૧૨૨
૪૪. શ્રીમત્ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીને. (કાવ્ય) (મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) ૧૨૭
૪૫. अपरं वा किं भविष्यति ? (સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ) ૧૨૮
૪૬. મનની પિછાન. (શ્રી કનૈયાલાલ જ. રાવળ બી.એ.) ૧૩૩
૪૭. શાંતરસની સર્વોત્કૃષ્ટતા. (મોહનલાલ દી. ચોકસી) ૧૩૭
૪૮. સાધન સંબંધી કેટલીક વાતો. (અનુ૦ અભ્યાસી બી. એ.) ૧૪૩, ૧૬૯, ૧૯૬
૪૯. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો આભાર. ૧૪૫
૫૦. એક સુધારો. ૧૪૫, ૨૦૨
૫૧. સંબોધક સાહિત્ય. (સાગરાન્યોક્તિ.) (કવિ રેવાશંકર વાલજી બધેકા) ૧૪૯
૫૨. અન્યોક્તિનું પદ્યાત્મક વિવેચન. (પદ્ય) ( ” ) ૧૫૦


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૫૩. ઉપદેશક પદ. (પદ્ય) | (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) | ૧૫૧ |
| ૫૪. સ્મરણાંજલી. (કાવ્ય) | (મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) | ૧૬૦ |
| ૫૫. અમૃતઘૂંટડો. | (સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ) | ૧૬૧ |
| ૫૬. મન સાધ્યું તેણે સઘળું સાધ્યું. | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૧૬૩ |
| ૫૭. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સનું પંદરમું અધિવેશન–નિંગાળા. | | ૧૬૬ |
| ૫૮. આ. શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો (પંજાબમાં) વિહાર અને થયેલ અપૂર્વ સ્વાગત. | | ૧૭૧ |
| ૫૯. પર્વતાન્યોતિ. | (કવિ રેવાશંકર વાલજી બધેકા) | ૧૭૭ |
| ૬૦. અન્યોક્તિનું પદ્યમાં વિવરણ. (પદ્ય) | ( ” ) | ૧૭૮ |
| ૬૧. સુખદુઃખ–સમીક્ષા. | (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) | ૧૮૪ |
| ૬૨. નિર્વિકલ્પ રસનું પાન. | (શ્રી મોહનલાલ દી. ચોકસી) | ૧૯૩ |
| ૬૩. પાપ ભારે ભરી નાથ મુજ નાવડી. (પદ્ય) | (રા. ઝવેરી મૂલચંદભાઇ આશારામ) | ૧૯૫ |
| ૬૪. ધર્મવિકાસી સુમન. (અપદ્યાગદ્ય) | (મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) | ૧૯૮ |
| ૬૫. વસ્તીપત્રક માટે સૂચના. | (શ્રી નરોત્તમદાસ બી. શાહ) | ૨૦૪ |
| ૬૬. સ્વજ્ઞાતિવત્સલતાનો મહિમા. (કાકાન્યોક્તિ) | (કવિ રેવાશંકર વાલજી બધેકા) | ૨૦૫ |
| ૬૭. અન્યોક્તિનું પદ્યમાં વિવરણ. (પદ્ય) | ( ,, ) | ૨૦૬ |
| ૬૮. ક્ષમાધર મેતાર્ય મુનિ. (અપદ્યાગદ્ય) | (મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) | ૨૦૭ |
| ૬૯. શ્રી શાંતિજિન સ્તવન. (કાવ્ય) | (છોટાલાલ નાગરદાસ દોશી.) | ૨૦૯ |
| ૭૦. સત્સંગ. | (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) | ૨૧૩ |
| ૭૧. સેવક કિમ અવગણીએ ? | (રા. ચોકસી) | ૨૨૧ |
| ૭૨. વિચારપુષ્પો. | (મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ) | ૨૨૩ |
| ૭૩. સદ્વૃત્તિ. | (કનૈયાલાલ જ. રાવળ બી. એ) | ૨૨૫ |
| ૭૪. શ્રી વાસુપૂજ્ય ચરિત્ર માટે પૂજ્યપાદ પ્રવર્ત્તકજી મહારાજનો અભિપ્રાય. | | ૨૩૦ |
| ૭૫. મુનિરાજશ્રી જિનભદ્રવિજયજી. | (ભૂતકાળના શેઠ જીવણચંદભાઇ ધરમચંદ ઝવેરી) | ૨૩૨ |
| ૭૬. શ્રી મહાવીર જન્મહોત્સવ. (કાવ્ય) | (મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ) | ૨૩૩ |
| ૭૭. વૃક્ષાન્યોક્તિ. | (કવિ રેવાશંકર વાલજી બધેકા) | ૨૩૫ |
| ૭૮. અન્યોક્તિનું રહસ્ય. (પદ્ય) | ( ,, ) | ૨૩૬ |
| ૭૯. ગુણાનુરાગ. | (આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) | ૨૩૭ |
| ૮૦. આતમતત્ત્વની સાચી પિછાન. | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૨૪૬ |
| ૮૧. જગદુત્તર મહાત્મા. | (મુનિ ન્યાયવિજય) | ૨૪૮ |
| ૮૨. સાચી સોનેરી શિખામણ. | (મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ) | ૨૫૬ |
| ૮૩. પ્રમાણપત્ર. | | ૨૫૮ |
| ૮૪. મુંબઇમાં શ્રી આત્માનંદ જૈન સભાની સ્થાપના. | | ૨૬૦ |
| ૮૫. મધુકરાન્યોક્તિ. | (કવિ રેવાશંકર વાલજી બધેકા) | ૨૬૧ |
| ૮૬. અન્યોક્તિનું તારતમ્ય. (પદ્ય) | ( ,, ) | ૨૬૨ |
| ૮૭. ઉપદેશક પદ. ( પદ્ય ) | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૬૪ |
| ૮૮. મહાવીર જયંતિ રાસ. | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૨૬૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૮૯. મોટું કોણ ? ( શ્રી 'સુધાકર' ) ૨૬૬
૯૦. અજિત સૂક્તમાળા. ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ )૨૬૯, ૨૯૯
૯૧. શ્રી મહાવીર જન્મોત્સવ. (કાવ્ય) ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) ૨૭૦
૯૨. દેવ-ડોકટરને. ( કાવ્ય ) ( શ્રી 'લલિતાંગ' ) ૨૭૧
૯૩. દુઃખનાં મીઠાં ફળ. ( શ્રી કનૈયાલાલ જ. રાવળ બી. એ.) ૨૭૭
૯૪. જિનવરમાં સઘળાં દર્શન છે. ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) ૨૭૯, ૩૦૭, ૩૩૦
૯૫. ભાગ્ય શું છે ? ( અનુ. અભ્યાસી બી. એ. ) ૨૮૨
૯૬. ડો. જશવંતરાયને માનપત્ર આપવાનો મેલાવડો. ૨૮૫
૯૭. કલ્યાણ-ભાવના. ( કાવ્ય ) ( મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ ) ૨૯૩
૯૮. સિંહાન્યોક્તિ. ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) ૨૯૪
૯૯. જૈન આગમવાચનાનો ઇતિહાસ. ( મુનિ જ્ઞાનવિજયજી મહારાજ ) ૨૯૬, ૩૨૪
૧૦૦. નિર્ભય કોણ ? ૨૯૮
૧૦૧. અહિંસાનું માહાત્મ્ય. ૩૦૮
૧૦૨. ભવ્ય-દર્શન. ( કાવ્ય ) ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) ૩૧૨
૧૦૩. શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન વીશ વિહરમાન જિનેશ્વરોના પવિત્ર નામો તથા માતપિતા, સ્ત્રી, આયુષ્ય, લાંછન વિ. નું જાણવા યોગ્ય વર્ણન. (V.) ૩૧૩
૧૦૪. ચર્ચાપત્ર અને નમ્ર સૂચના. ૩૧૮
૧૦૫. આત્મકલ્યાણાર્થ જીવપ્રતિ ઉક્તિ. ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) ૩૨૧
૧૦૬. એકાવન સુવર્ણ વાક્યોની રચના. ( સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) ૩૨૭
૧૦૭. જીવન-નૈયા. (પદ્ય) ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) ૩૨૯
૧૦૮. શીલની શ્રેષ્ઠતા. ૩૩૨
૧૦૯. ચાર મતિનું દૃષ્ટાંત. ( સંપાદક V. ) ૩૩૩
૧૧૦. તું તારે તો તરુ દેવા ! ( લલિતાંગ ) ૩૩૫
૧૧૧. દયા. ૩૩૬
૧૧૨. જીવનસૌંદર્યના ઉત્પાદક તત્ત્વ. ( અનુ. અભ્યાસી બી. એ. ) ૩૩૭
૧૧૩. આ. શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજનું અપૂર્વ સ્વાગત અને શીયાલકોટ(પંજાબ)માં ચાતુર્માસ ૩૪૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧. | શેઠ શ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ સીહોર | હાલ મુંબઈ | (૧) લાઇફ મેમ્બર |
| ૨. | શાહ ફૂલચંદ ગુલાબચંદ | ,, | ,, |
| ૩. | શાહ ભાસ્કરરાય વિઠ્ઠલદાસ એલએલ. બી. | ભાવનગર | ,, |
| ૪. | શાહ ખીમચંદ લલ્લુભાઈ | ,, | ,, |
| ૫. | શાહ દીપચંદ જીવણભાઈ બી. એ. બી. એસસી. | ,, (વાર્ષિકમાંથી) | ,, |
| ૬. | દલાલ વસંતરાય કાનજીભાઈ | ,, | વાર્ષિક મેમ્બર |
| ૭. | ડૉકટર મણિલાલ ભીમજીભાઈ એમ. બી. બી. એસ. | ,, | ,, |
| ૮. | શાહ મણિલાલ ભગવાનદાસ કાથીવાળા | ,, | ,, |
| ૯. | શેઠ જયંતિલાલ ચત્રભૂજ | ,, | ,, |

# કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨–૦–૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના-સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે. જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વ વિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટ્રીક કાગળો ઉપર સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬–૦–૦. પોસ્ટેજ જુદું.

## શેઠ લક્ષ્મીચંદજી ભગવાનદાસજી ધીયાનો સ્વર્ગવાસ.

પ્રતાપગઢનિવાસી શેઠ લક્ષ્મીચંદજી ધીયા ૬૭ વર્ષની ઉંમરે ગત ચૈત્ર વદિ ૦)) ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ સ્વભાવે મીલનસાર, માયાળુ અને દેવગુરુધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળા હતા. સં. ૧૯૬૦ થી શ્રી જૈન કોન્ફરન્સના પ્રાંતિક સેક્રેટરી હતા અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ પણ હતા. તેઓ આ સભાના ઘણા વખતથી લાઇફ મેમ્બર હતા. તેઓના સ્વર્ગવાસથી એક લાયક સભાસદની ખોટ પડી છે. એમના કુટુંબને દિલાસો દેવા સાથે એમના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

## શેઠ વર્ધમાન મનજીભાઇનો સ્વર્ગવાસ.

અત્રેના રહીશ શેઠ વર્ધમાન મનજીભાઇ થોડા દિવસની બિમારી ભોગવી તા. ૨૭–૬–૪૧ ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળા, સ્વભાવે માયાળુ અને મીલનસાર હતા. આ સભાના તેઓ ઘણા વખતથી સભાસદ હતા. તેઓના સ્વર્ગવાસથી આ સભાને એક લાયક સભ્યની ખોટ પડી છે. તેઓના કુટુંબને દિલાસો દેવા સાથે તેમના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

શ્રી ઉપયોગી સુંદર ચરિત્ર—

# સતી સુરસુંદરી ચરિત્ર:

( લેખક : રા. સુશીલ )

( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્‌ભુત રસિક કથાગ્રંથ. ).

આ શ્રી ઉપયોગી કથાની રચના જૈન કથાસાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. લે·ની ધગધગતા અને રાગ–મોહથી મૂંઝાતા હૈયાને શાંત બનાવવાની કલાકુશળતા અને તાર્કિકતા કર્તા વિદ્વાન મહારાજે આ ગ્રંથમાં અદ્‌ભુત રીતે બતાવી છે,

કથારસિક વાચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા-ચરિત્ર પછી કેવળી ભગવાનની ઉપદેશદ્વારા એમ તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશશ્લોકો ( મૂળ સાથે ભાષાંતર ) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ મૂળ આશય સાચવી તૈયાર કરેલ છે.

રસદૃષ્ટિ, ઉપદેશ, ચરિત્ર-કથા અને પ્રાચીન સાહિત્યની દૃષ્ટિએ આ ગ્રંથ એક કિંમતી અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટીક પેપર ઉપર સુંદર અક્ષરો અને રેશમી કપડાના સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટેજ અલગ.

# નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિત્ય પાઠ કરવા લાયક નવસ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર તથા રત્નાકર પચ્ચીશી અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, ઉપર જૈની સુંદર અક્ષરોથી છપાયેલ છે. શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુમહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપેલામાં આવેલ છે. કિંમત માત્ર રૂા. ૦–૪–૦ ચાર આના તથા પોસ્ટેજ રૂા. ૦–૧–૩ મળી મંગાવનારે રૂા. ૦–૫–૩ ની ટિકિટો એક બુક માટે મોકલવી.

## ગુજરાતી ગ્રંથો.

નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્‌લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.

| | | | |
|---|---|---|---|
| (૧) શ્રી ચંપકમાળા ચરિત્ર | રૂા. ૦–૮–૦ | (૧૨) શ્રી વિમલનાથ ચરિત્ર | રૂા ૧-૧૨-૦ |
| (૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી | રૂા. ૧–૦–૦ | (૧૩) શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | રૂા ૧-૧૨-૦ |
| (૩) શ્રી ઉપદેશ સપ્તતિકા | રૂા. ૧–૦–૦ | (૧૪) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) | રૂા ૧–૦–૦ |
| (૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | રૂા. ૧–૦–૦ | (૧૫) શ્રી પ્રભાવક ચરિત્ર | રૂા ૨–૮–૦ |
| | | (૧૬) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ | |
| (૫) શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | રૂા. ૨–૦–૦ | સહિત સાદું પૂંઠું | રૂા ૧–૪–૦ |
| (૬) શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | રૂા. ૨–૦–૦ | ,, રેશમી પૂંઠું | રૂા ૨–૦–૦ |
| (૭) ,, ભા. ૨ જો | રૂા ૨–૮–૦ | (૧૭) સતી સુરસુંદરી ચરિત્ર | રૂા ૧–૮–૦ |
| (૮) આદર્શ જૈન સ્ત્રીરત્નો | રૂા. ૨–૦–૦ | (૧૮) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | રૂા ૦–૨–૦ |
| (૯) શ્રી દાનપ્રદીપ | રૂા. ૩–૦–૦ | (૧૯) ,, સોળમો ઉદ્ધાર | રૂા ૦–૪–૦ |
| (૧૦) કુમારપાળ પ્રતિબોધ | રૂા ૩-૧૨-૦ | (૨૦) શ્રી તીર્થંકર ચરિત્ર | રૂા ૦ ૧૦ ૦ |
| (૧૧) જૈન નરરત્ન ભામાશાહ | રૂા ૨–૦–૦ | (૨૧) શ્રી મહાવીર ચરિત્ર | રૂા ૩–૦–૦ |

~~(૨૨) શ્રી વાસુપૂજ્ય ચરિત્ર — રૂા. ૨–૮–૦~~

For Private And Personal Use Only